RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-78 ■ DATE : 08-07-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

**સુવિચાર**

સંબંધો સુંદર રાખવા હોય તો ઉંડાણ સુધી રાખો સાહેબ કેમ કે મોતી ક્યારેય કિનારા પર નથી હોતા...



નુરાનીપરામાં અસામાજિક તત્વોની મિલકતો પર બૂલડોઝર ફરી વળ્યું P-4

# કાલે કેન્દ્રીય ટ્રેડ યુનિયનોની રાષ્ટ્રવ્યાપી હડતાલ




## બેન્કિંગ, વિમા સહિતના વિવિધ ઉદ્યોગોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ જોડાશેઃ કેન્દ્ર સરકારની મજૂર-ખેડૂત તેમજ દેશ વિરોધી કોર્પોરેટ નિતિ સામે લડત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મોટા ભારત બંધની તૈયારીઓ ચાલી રહી છે. આ હડતાળમાં બેંકિંગ, વીમા અને પોસ્ટલ સેવાઓ સહિત વિવિધ ક્ષેત્રોના ૨૫ કરોડથી વધુ કર્મચારીઓ ભાગ લઈ શકે છે તેવો અંદાજ છે. આ હડતાળનું એલાન ૧૦ કેન્દ્રીય ટ્રેડ યુનિયનોએ આપ્યું છે અને તેને ભારત બંધ નામ આપવામાં આવ્યું છે. સરકારની મજૂર વિરોધી, ખેડૂત વિરોધી અને દેશ વિરોધી કોર્પોરેટ-કેન્દ્રિત નીતિઓના વિરોધમાં આ ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસના અમરજીત કૌરે જણાવ્યું હતું કે હડતાળમાં ૨૫ કરોડથી વધુ કામદારો ભાગ લે તેવી અપેક્ષા છે. દેશભરમાં આ વિરોધ પ્રદર્શનમાં ખેડૂતો અને ગ્રામીણ કામદારો પણ ભાગ લેશે. હિંદ મઝદૂર સભાના હરભજન સિંહ સિદ્ધુએ જણાવ્યું હતું કે હડતાળને કારણે બેંકિંગ, ટપાલ, કોલસા ખાણકામ, કારખાનાઓ, રાજ્ય પરિવહન સેવાઓ પ્રભાવિત થશે.

ભારત બંધનું એલાન કરી રહેલા સંગઠનોએ ગયા વર્ષે શ્રમ મંત્રી મનસુખ માંડવિયાને ૧૭ મુદ્દાની માંગણીઓનો ચાર્ટર સુપરત કર્યો હતો. તેમનું કહેવું છે કે સરકાર છેલ્લા ૧૦ વર્ષથી વાર્ષિક શ્રમ સંમેલનનું આયોજન કરી રહી નથી. તે કામદારો અને કર્મચારીઓના હિત વિરુદ્ધ નિર્ણયો લઈ રહ્યું છે. મજૂર સંગઠનોના મંચ દ્વારા એવો પણ આરોપ મૂકવામાં આવ્યો છે કે આર્થિક નીતિઓને કારણે બેરોજગારી વધી રહી છે, આવશ્યક ચીજવસ્તુઓના ભાવ વધી રહ્યા છે, વેતન ઘટી રહ્યું છે અને શિક્ષણ, આરોગ્ય અને મૂળભૂત નાગરિક સુવિધાઓ પર સામાજિક ક્ષેત્રના ખર્ચમાં ઘટાડો થઈ રહ્યો છે. આ બધા ગરીબો, ઓછી આવક ધરાવતા જૂથો તેમજ મધ્યમ વર્ગ માટે વધુ અસમાનતા અને વંચિતતા પેદા કરી રહ્યા છે.

ફોરમે એવો પણ આરોપ લગાવ્યો હતો કે સરકારી વિભાગોમાં યુવાનોને નિયમિત નિમણૂકો આપવાને બદલે નિવળત્ત લોકોને નોકરી પર રાખવાની નીતિ દેશને આગળ લઈ જશે નહીં. કારણ એ છે કે ૬૫ ટકા વસ્તી ૩૫ વર્ષથી ઓછી ઉંમરની છે. તે જ સમયે, ૨૦ થી ૨૫ વર્ષની વય જૂથના લોકોમાં બેરોજગારોની સંખ્યા સૌથી વધુ છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે અમે સરકાર પાસે બેરોજગારી પર ધ્યાન આપવા, મંજૂર પોસ્ટ્સ પર ભરતી કરવા, વધુ નોકરીઓનું સર્જન કરવા, મનરેગા કામદારોના કામકાજના દિવસો અને વેતનમાં વધારો કરવાની સાથે શહેરી વિસ્તારો માટે સમાન કાયદા બનાવવાની માંગ કરી રહ્યા છીએ. પરંતુ સરકાર નોકરીદાતાઓને પ્રોત્સાહિત કરવા માટે (રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહન) યોજના લાગુ કરવામાં વ્યસ્ત છે.

લિમિટેડ અને અન્ય નોન-કોલસા ખનિજો, સ્ટીલ, રાજ્ય સરકારી વિભાગો અને જાહેર ક્ષેત્રના સાહસોના મજૂર નેતાઓએ પણ હડતાળમાં જોડાવાની સૂચના આપી છે. મજૂર નેતાઓએ જણાવ્યું હતું કે સંયુક્ત કિસાન મોરચા અને યુનાઈટેડ ફ્રન્ટ ઓફ એગ્રીકલ્ચરલ લેબર ઓર્ગેનાઇઝેશન્સે પણ હડતાળને ટેકો આપ્યો છે અને ગ્રામીણ ભારતમાં મોટા પાયે આંદોલન કરવાનો નિર્ણય લીધો છે. મજૂર સંગઠનોએ અગાઉ ગયા વર્ષે ૨૬ નવેમ્બર, ૨૦૨૦, ૨૮-૨૯ માર્ચ, ૨૦૨૨ અને ૧૬ ફેબ્રુઆરીના રોજ સમાન દેશવ્યાપી હડતાળનું એલાન આપ્યું હતું.

# 'રોડ' નહીં તો 'ટોલ' નહીં... : રાજકોટ-જેતપુર હાઈવે મુદ્દે કલેકટર કચેરીએ કોંગ્રેસનો હલ્લાબોલ



તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ-જેતપુર સિક્સલેન હાઈ-વેના રૂ.૧૨૦૪ કરોડના ખર્ચે ૬૭ કિલોમીટરનું કામ છેલ્લા બે ૨૦ મહિનાથી ચાલી રહ્યું છે, જેના લીધે રાજકોટ સહિત સૌરાષ્ટ્રથી જેતપુર અવર-જવર કરતા અઢી લાખથી વધુ લોકો પરેશાન થઈ રહ્યાં છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં આ માર્ગનું કામ શરૂ કરવામાં આવ્યું હતું અને બે વર્ષ એટલે કે, સપ્ટેમ્બર ૨૦૨૫માં ૬૭ કિમીના માર્ગનું સંપૂર્ણ કામ પૂર્ણ કરવાનું હતું, જેની જગ્યાએ માત્ર ૨૦ કિમીનું જ કામ થયું છે. કામગીરી સમયસર પૂર્ણ કરાવવાની જગ્યાએ તંત્ર દ્વારા સમય અવધી વધારી જૂન, ૨૦૨૬ કરી દેવામાં આવી છે. હાલમાં વરસાદને કારણે રાજકોટ-જેતપુર હાઈવે પર ખાડા પડી જતાં ભારે ટ્રાફિકજામ સર્જાય રહ્યો છે. આ સાથે બિસ્માર રસ્તાથી અકસ્માતો પણ વધી રહ્યાં છે.

અહીંથી દરરોજ પસાર થતા અંદાજે અઢી લાખ લોકોની સમસ્યાને લઈને આજે (૮ જુલાઈ) કોંગ્રેસના વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની આગેવાનીમાં જનહિત હાઈવે હક્ક આંદોલન સમિતિ દ્વારા કલેકટર કચેરીનો ઘેરાવ કરવામાં આવ્યો. હાથ અને માથામાં પાટા બાંધી ભાજપ સરકાર ચોર છે, રોડ નહિ તો ટોલ નહિના નારા સાથે કોંગ્રેસ કાર્યકર્તાઓ કલેકટર કચેરીએ પહોંચ્યાં હતા. કેન્દ્રીય વાહન-વ્યવહાર મંત્રી નીતિન ગડકરીના પોસ્ટર બતાવવામાં આવ્યું હતુ, જેમાં ગડકરીના સ્થાને ગડ્ડા-કરી લખવામાં આવ્યું હતુ. તમામ લોકોની એક જ માંગ છે કે, પહેલા આપો રોડ અને પછી માંગો ટોલ.

કોંગ્રેસ અને જનહિત હાઈવે હક્ક આંદોલન સમિતિના આગેવાનો-કાર્યકરો, વેપારીઓ સહિતના આ વિરોધમાં જોડાયા છે. તમામ લોકોએ ક્રોસ રોડથી અડધા કિલોમીટરની રેલી કાઢી કલેક્ટર એફિસ પહોંચ્યાં તરફ જઈ રહ્યાં છે. રેલીને પગલે રોડ-રસ્તા બંધ થઈ ગયાં છે. ભાજપ સરકાર ચોર છે ના નારા લાગ્યા હતાં.૧૫૦ કરોડ વર્ષે વસુલીયા બાદ પણ નેશનલ હાઈવે ઓથોરિટીના પેટનું પાણી હલયું નથીઃ મેવાણી

જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતું કે, રાજકોટ જેતપુર સીકસ લેન હાઈવે ઉપરથી દરરોજ નીકળતા અઢી લાખ વાહન ચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે ખાસ કરીને એમ્બ્યુલન્સ તેમાં ફસાઈ જતાં દર્દીઓ જીવન અને મરણ વચ્ચે ઝોલા ખાય છે અને અનેકના મૃત્યુ પણ થયા છે. આ સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને એટલું જ કહેવાનું કે એક વખત રાજકોટ-જેતપુર વચ્ચે રોડ શો યોજે તો આ હાઈવેનું કામ તુરંત થઈ જશે. આજે કલેકટર કચેરીનો ઘેરાવ કરવામાં આવી રહ્યો છે. જેમાં અમારી એક જ માંગ છે કે, રોડ નહીં તો ટોલ નહીં. ટોલ પ્લાઝા ઉપર ૧૫૦ કરોડ વર્ષે વસુલીયા બાદ પણ નેશનલ હાઈવે ઓથોરિટીના પેટનું પાણી હલયું નથી. ત્યારે રાજકોટ કલેક્ટર ડૉ. ઓમ પ્રકાશ દ્વારા હાઈ લેવલની કમિટી બનાવવ-ામાં આવે અને આ હાઈવેનું કામ વહેલી તકે પૂર્ણ થાય તેવી માગણી કરવામાં આવશે.

કોંગ્રેસના નેતાઓ સહિતના મોટી સંખ્યામાં લોકો રાજકોટ કલેક્ટર કચેરીએ પહોંચ્યાં છે. ભાજપ સરકાર ચોર હે, રોડ નહીં તો ટોલ નહીંના નારા લાગ્યા.

રાજકોટ-જેતપુર હાઈવે પર સિક્સલેનના કામને લઈને લોકોને ભોગવવી પડતી મુશ્કેલીને લઈને કોંગ્રેસ દ્વારા અનોખો વિરોધ કરવામાં આવ્યો છે. હાથ અને માથામાં પાટા બાંધી કોંગ્રેસ કાર્યકર્તાઓ કલેકટર કચેરીએ પહોંચ્યાં છે. કેન્દ્રીય વાહન-વ્યવહાર મંત્રી નીતિન ગડકરીના પોસ્ટર બતાવવામાં આવ્યા, જેમાં ગડકરીના સ્થાને ગડ્ડા-કરી લખવામાં આવ્યું છે.

# ઉત્તરાખંડમાં ચીન સીમા પાસે બાબા અમરનાથ જેવી શિવલીંગની આકૃતિ મળી



**મુખ્ય સમાચાર, દહેરાદુન**

ઉતરાખંડમાં ચીન સીમા પાસે અમરનાથ જેવી બરફથી બનેલ શિવલીંગની આકૃતિ મળી છે. ઉતરકાશીની નેલાંગ ખીણ ક્ષેત્રમાં પર્વતારોહણ અભિયાન દરમ્યાન એસડીઆરએફનાં દળે આ અનોખા શિવલીંગની શોધ કરી છે.શિવલીંગની પાસે નંદી જેવી આકૃતિ પણ છે.

એસડીઆરએફએ તેનો રિપોર્ટ રાજય સરકારને મોકલ્યો છે. સરકારે તેને ગંભીરતા દેખાડી તો ઉતરાખંડમાં પણ અમરનાથ જેવી આધ્યાત્મિક યાત્રા શરૂ થઈ શકે છે.

ઉતરાખંડમાં ટ્રેકીંગની નવી સંભાવનાઓ શોધવા માટે એપ્રિલમાં એસડીઆરએફના ૨૦ સભ્યોનું દળ ખીણમાં દુર્ગમ નેલાંગ નિખેરામાં ફતેહ કરવા નીકળ્યુ હતું. દળે નેલાંગમાં નીલાયાની ક્ષેત્રમાં ૬૦૫૪ મીટરના એક આવા અનામ શિખરને સર કર્યું હતું.

અહીં અત્યાર સુધી કોઈ પર્વતારોહણ દળ નથી પહોંચ્યું. આ શિખર પર લગભગ ૪૩૦૦ મીટરની ઉંચાઈ પર બરફથી બનેલી શિવલીંગની આકૃતિ જોવા મળી હતી.

અમરનાથમાં શિવલીંગ લગભગ ૩૮૮૮ મીટરની ઉંચાઈએ આવેલ છે.જયારે નીલાપાનીમાં જે પર્વત પર આ આકૃતિ મળી તેની ઉંચાઈ ૬૦૫૪ મીટર છે.શિવલીંગની આકૃતિ લગભગ ૪૩૦૦ મીટરની ઉંચાઈ પર છે.

# નકલી અને હલકી ગુણવત્તાવાળી દવાઓ સામે લાલઆંખ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન (CDSCO) દેશમાં નકલી અને હલકી ગુણવત્તાવાળી દવાઓનો સામે લડવા એક વ્યાપક રાષ્ટ્રીય કાર્ય યોજના તૈયાર કરી રહ્યું છે.

આ પગલું વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) ના મૂલ્યાંકનને કારણે લેવામાં આવ્યું છે જેમાં ભારતના દવા નિયમનકારી માળખામાં વ્યાપક સુધારા અને મજબૂતીકરણની માંગ કરવામાં આવી છે. આ બાબત સાથે સંકળાયેલા અધિકારીઓએ આ માહિતી આપી.

તેમના મતે, આ યોજના હેઠળ, દવાઓની ગુણવત્તા પર દેખરેખ રાખવાની સાથે સાથે દવાની જાહેરાતો પર પણ કડક કાર્યવાહી કરવામાં આવશે. ખાસ કરીને આરોગ્ય વ્યાવસાયિકોને લક્ષ્ય બનાવતી જાહેરાતો પર.

WHOએ સૂચવ્યું હતું કે, જાહેરાત સામગ્રી ગેરમાર્ગે દોરનારી ન હોવી જોઈએ. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) ની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી બેઠકમાં, WHO ભલામણોના અમલીકરણ પર ચર્ચા કરવામાં આવી હતી અને સંમતિ બની કે દરેક મુદ્દા પર કાર્યવાહી કરવામાં આવશે.

આ કાર્ય યોજના દવાની જાહેરાતો પર દેખરેખ અને નિયંત્રણ વધારશે. ખાસ કરીને એવી જાહેરાતો જે ડોકટરો અને ફાર્માસિસ્ટને લક્ષ્ય બનાવે છે. ભારતીય નિયમો અનુસાર, શેડ્યૂલ H, H1 અને X માં સમાવિષ્ટ દવાઓની જાહેરાત કોઈપણ માધ્યમ દ્વારા કરી શકાતી નથી, કારણ કે તે ફક્ત ડોક્ટરની સલાહ પર જ ઉપલબ્ધ છે.

હજુ પણ બજારમાં આવી જાહેરાતો જોવા મળે છે જે ગેરમાર્ગે દોરનારી છે અને દર્દીઓને આવી દવાઓ જાતે લેવા માટે પ્રોત્સાહિત કરે છે. હવે આના પર કડક કાર્યવાહી કરવામાં આવશે.

ડ્રગ રેગ્યુલેટરના એક્શન પ્લાનમાં કેન્દ્ર અને રાજ્ય સ્તરે તમામ દવા નિયમનકારી સંસ્થાઓની વેબસાઇટ પર એક ખાસ પેજ બનાવવાનો પ્રસ્તાવ પણ શામેલ છે, જ્યાં લોકો હલકી ગુણવત્તાવાળી અથવા નકલી દવાઓ વિશે ફરિયાદ કરી શકે છે.

નકલી દવાઓ વિશે ફરિયાદ કેવી રીતે કરવી તે અંગે પેજ પર લોકોને સચોટ માહિતી આપવામાં આવશે. આની તપાસ એક નિર્ધારિત પ્રક્રિયા દ્વારા કરવામાં આવશે. ટૂંક સમયમાં DCGI બધા રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને એકસમાન કાર્યવાહી માટે સૂચનાઓ જારી કરી શકે છે.

નિષ્ણાતો કહે છે કે આ પગલાથી પારદર્શિતા અને જનભાગીદારી વધશે. લોકો શંકાસ્પદ દવાઓ વિશે ફરિયાદ કરી શકશે અને આની તપાસ કરવામાં આવશે.

# કર્ણાટક સરકારનો મહત્વનો નિર્ણયઃ અચાનક મોતના કિસ્સાને સરકાર સમક્ષ જાહેર કરવાનું ફરજીયાત કરાયું

**મુખ્ય સમાચાર, બેંગ્લોર**

કોરોનાકાળ બાદ ગુજરાત સહિત દેશનાં વિવિધ રાજયોમાં યુવા વર્ગમાં હાર્ટફેઈલ તથા અચાનક મોતનાં પ્રમાણમાં વધારાથી લોકોમાં ચિંતા છે.સરકારે કોરોના રસી તથા અચાનક મોત વચ્ચે કોઈ કનેકશન ન હોવાનું જાહેર કર્યું છે. તેવા સમયે કર્ણાટક સરકારે એક મહત્વનો નિર્ણય લઈને અચાનક મોતના કિસ્સાને સરકાર સમક્ષ જાહેર કરવાનું તથા ફરજીયાત ઓટોપ્સી કરવાનું જાહેર કર્યું છે.

કર્ણાટકનાં આરોગ્ય વિભાગે અચાનક મોતના કેસોને સુચિત બિમારીની વ્યાખ્યામાં મુકવાનું નકકી કર્યું છે. રાજયમાં યુવા વર્ગમાં હાર્ટએટેકનાં સંખ્યાબંધ કેસોને પગલે આ નિર્ણય લેવાયો છે.



આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતુંકે હોસ્પીટલોની બહાર થતા અચાનક મોતનાં કેસોની સરકારને જાણ કરવાનું અને તેનું ઓટોપ્સી કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

તેમણે કહ્યુ કે, છેલ્લા કેટલાંક મહિનાઓમાં અચાનક મોતનાં સંખ્યાબંધ કિસ્સા બન્યા છે. લોકો પગપાળા જતા હોય કે કસરત કરતા હોય અથવા બેઠા કે વાતચીત કરતા હોય ત્યારે અચાનક ઢળી પડે છે.આ પ્રકારનાં મોત પાછળના કારણની ચકાસણી જરૂરી છે અને એટલે દરેક કિસ્સાની જાણ કરવાનું તથા ઓટોપ્સી કરવાનું ફરજીયાત બનાવવામાં આવ્યું છે.

કર્ણાટકમાં યુવા વર્ગમાં હાર્ટ એટેકનાં વધેલા કેસોને પગલે રાજય સરકારે નિષ્ણાંત કમીટીનું ગઠન કર્યું હતું તેના દ્વારા કાર્ડીયાક સર્વેલન્સ પ્રોગ્રામ શરૂ કરવા તથા નેશનલ રજીસ્ટ્રીની ભલામણ કરી હતી અને તેને પગલે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કર્ણાટક સરકારે શાળાના બાળકો તથા સરકોરી કર્મચારીઓનું દર વર્ષે હ્રદયરોગ સંબંધી સ્ક્રીનીંગ પણ કરવામાં આવશે આ માટે પુનિથ રાજકુમાર હ્રદય યોજના વિસ્તારવામાં આવી છે.

# ગુજરાતમાં આજે સાર્વત્રિક વરસાદની આગાહી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ચોમાસાની શરૂઆતની સાથે જ મેઘ મહેર જોવા મળી રહી છે. જોકે, આજે બપોર સુધી મેઘરાજા થોડા ખમૈયા કરી શકે તેવી સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બપોરે ૧ વાગ્યા સુધી સૌરાષ્ટ્રના બે જિલ્લામાં ઓરેન્જ એલર્ટ છે અને બાકીના જિલ્લાઓમાં યલો એલર્ટ છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બપોરે ૧ વાગ્યા સુધી ભાવનગર અને અમરેલીમાં ઓરેન્જ એલર્ટ રહેશે. જ્યાં તેજ પવન સાથે ભારે વરસાદ જોવા મળશે. આ સિવાય રાજ્યભરમાં બાકીના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરાયું છે. જ્યાં હળવાથી મધ્યમ સ્તરે છૂટોછવાયેલો વરસાદ જોવા મળશે.

નોંધનીય છે કે, આવનારા બે દિવસમાં વરસાદમાં રાહત મળી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ, બુધવાર અને ગુરૂવાર (૯-૧૦ તારીખ) દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર હવેલીમાં યલો એલર્ટ છે, જેથી ત્યાં મધ્યમ સ્તરે વરસાદ જોવા મળી શકે છે. આ સિવાય રાજ્યના અન્ય વિસ્તારોમાં વરસાદમાં રાહત મળશે.

# ખાદ્ય તેલો મોંઘા થતા સામાન્ય પરિવાર માટે દાઝયા પર ડામ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં તહેવારો ટાણે જ ખાદ્યતેલોમાં ભાવવધારાથી ગ્રાહકો-વેપારીઓમાં જબરો દેકારો બોલી જવાના એંધાણ છે. જુના ડબ્બામાં ખાદ્યતેલ ભરવા કે વેચાણ કરવા પર પ્રતિબંધનો કડકાઈથી અમલ શરૂ થતા એકાદ-બે દિવસમાં જ માલખેંચની સ્થિતિ ઉભી થવા સાથે ડબ્બે રૂા.૮૦ સુધીનો ભાવવધારો થવાના ભણકારા છે. ડબ્બાના ખેલમાં સામાન્ય વર્ગનો ખો નિકળવાનુ ચિત્ર ઉપસવા લાગ્યુ છે.

તેલબજારના આધારભૂત વર્તુળોએ કહ્યું કે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જુના ડબ્બામાં ખાદ્યતેલોના વેચાણમાં કડક ચેકીંગ શરૂ થયુ છે. રાજકોટમાં શનિ તથા સોમવારે ઉપરાઉપર બે દિવસની ફુડ વિભાગે ચેકીંગ હાથ ધરતા વેપારીઓમાં ફફડાટ સર્જાયો હતો.

મીલરોએ જુના ડબ્બામાં ખાદ્યતેલ ભરવાનુ તથા વેપારીઓએ વેચવાનું બંધ કરી દીધુ હતું જેને પગલે આવતા દિવસોમાં અછતની સ્થિતિ સર્જાઈ શકે છે. એટલું જ નહીં ડબ્બે ૮૦ રૂપિયાનો ભાવવધારો થવાના ભણકારા છે.

વેપારીઓ-તેલમીલરોએ કહ્યું કે દૈનિક જરૂરિયાત મુજબના નવા ડબ્બા મળવાનું જ શકય નથી. સીંગતેલ, કપાસીયાતેલ, પામોલીનનુ મોટુ ચલણ છે. આ સિવાય રાયડા, સોયાબીન, સનફલાવર, મકાઈ જેવા અન્ય તેલોમાં પણ નોંધપાત્ર વેપાર-વેચાણ થતા હોય છે. દરરોજ લાખોની સંખ્યામાં ખાદ્યતેલોના ડબ્બા વેચાય છે અને પર્યાપ્ત સંખ્યામાં તે ઉપલબ્ધ થવાનું લગભગ અશકય છે.

કેન્દ્ર સરકારે થોડા વખત પુર્વે આ કાયદો ઘડયો હતો. તેની સામે લોકલ સહિતના તેલ સંગઠનો દ્વારા વિરોધ કરતી રજુઆતો પણ કરવામાં આવી હતી. કાયદો લાગુ રહેવા છતાં વેપારમાં કોઈ અસર ન હતી. પરંતુ હવે એકાએક કડક અમલ થતા ફફડાટ ઉભો થયો છે.

એક વેપારીએ નામ ન દેવાની શરતે કહ્યું કે સીંગતેલ-કપાસીયા જેવા ખાદ્યતેલોમાં તો જુના અને નવા એમ બન્ને પ્રકારના ડબ્બામાં વેચાણ થતુ હતું. પરંતુ જેનો સૌથી મોટો વપરાશ છે તે પામોલીન તો માત્ર જુના ડબ્બામાં જ વેચાતા હતા. સૌરાષ્ટ્રમાં દરરોજ ૧.૫૦ લાખ ડબ્બા પામોલીન તેલનુ વેચાણ છે. નવા ખાલી ડબ્બા ઉપલબ્ધ ન થાય તો વેપાર વેરવિખેર થઈ જશે.

મીલરો પેકીંગ એકમો પાસે તેલના ટાંકા ભરેલા હશે. પરંતુ ડબ્બાના અભાવે માર્કેટમાં પુરતો માલ નહીં આવી શકે. તહેવારો ટાણે જ અત્યંત ખરાબ હાલત ઉભી થવાની આશંકા છે. આવતા દિવસોમાં કેવો વળાંક આવે છે તેના પર મીલરો-વેપારીઓની મીટ છે. હાલતુર્ત તો સમગ્ર તેલબજારમાં ફફડાટનો માહોલ છે.

# આજથી જયાપાર્વતીના વ્રતનો પ્રારંભ: યુવતીઓ દ્વારા મંદિરોમાં પૂજન-અર્ચન કરાયું





તસવીર : આનંદ જાવીયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજથી જયાપાર્વતીના વ્રતનો પ્રારંભ થયો છે. સારો અને સુંદર ભરથાર મેળવવા કુવારી યુવતીઓ દ્વારા જયાપાર્વતીનું વ્રત કરવામાં આવે છે. આજે સવારે દિકરીઓ દ્વારા મહાદેવ મંદિરે પુજા કરાઇ હતી. ભુદેવો દ્વારા મંત્રોચ્ચાર સાથે પૂજા-અર્ચન કરાવાયું હતું. જયાપાર્વતીનું વ્રત આગામી તા.૧૨ જુલાઈએ હોઇ પાંચ દિવસ દરમ્યાન અપરણીત યુવતીઓ ભાવી પતિના લાંબા આયુષ્યની કામના સાથે આ વ્રત રાખે છે. ખાસ કરીને આ દિવસો દરમ્યાન મીઠા વગરનું ભોજન કરી અપવાસ કરે છે. આ દિવસો દરમ્યાન શાસ્ત્રોક્ત અનુસાર બ્રાહ્મનોને દાન-દક્ષિણા પણ દેવામાં આવે છે.

# જામનગરના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા 'આયુષ્યમાન વય વંદના કાર્ડ' માટેના તબક્કામાં કેમ્પનું આયોજન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સમગ્ર ભારતભરના ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકો માટે 'આયુષ્યમાન વય વંદના યોજના' લાગુ કરાઇ છે, અને તે માટેના જરૂરી કાર્ડ પણ સરકાર દ્વારા ઇસ્યુ કરવામાં આવી રહ્યા છે.

જેથી જામનગરના ૭૦ વર્ષ થી વધુ વય ના વરિષ્ઠ નાગરિકો માટેના 'આયુષ્યમાન વય વંદના કાર્ડ' કાઢી આપવા માટેના કેમ્પનું આયોજન જામનગર ૭૯- દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા કરવામાં આવ્યું હતું, જેને પ્રથમ બે તબક્કામાં સુંદર પ્રતિસાદ મળ્યો હતો, અને હજુ પણ ડિમાન્ડ હોવાથી વધુ ૬ દિવસ માટેના તૃતિય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૨ જૂલાઈ સુધી વધુ ૬ દિવસ માટે સવારે ૧૧.૦૦ વાગ્યાથી સાંજે ૬.૦૦ વાગ્યા સુધી ધારાસભ્યના જનસંપર્ક કાર્યાલય લાખોટા મિગકોલોની ના સ્થળે ૬ દિવસિય મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આથી ૭૯- વિધાનસભા વિસ્તારમાં વસવાટ કરતા ૭૦ વર્ષ કે તેથી વધુ ની વયના કોઈપણ વરિષ્ઠ નાગરિકો, કે જેઓ આયુષ્યમાન વય વંદના કાર્ડ કઢાવવા માંગતા હોય, તેઓએ પોતાના જરૂરી ડોક્યુમેન્ટ પૈકીના રાશનકાર્ડ તેમજ આધાર કાર્ડ કે જે મોબાઈલ નંબર સાથે લીંક કરેલો હોય, તે આધાર પુરાવા લઈને જન સંપર્ક કાર્યાલય નો સંપર્ક સાધવા ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા અનુરોધ કરાયો છે.

# IPS એસોસીએશનના પ્રમુખ તરીકે હોમગાર્ડના ડીજીપી મનોજ અગ્રવાલ નિમાયા

### એટીએસમાં ક્રાઈમ કોન્ફરન્સ બાદ અધિકારીઓની બેઠકમાં નિર્ણયજી.એસ.મલીક ઉપપ્રમુખ, નિપુણા તોરવણે સચીવ અને એન.એન.ચૌધરી ખજાનચી નિમાયા

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

આઈપીએસ એસોસીએશનના પ્રમુખ તરીકે હોમગાર્ડના ડીજીપી મનોજ અગ્રવાલને બેસાડવાનો નિર્ણય સહમતીથી લેવાયો હતો. ઉપપ્રમુખ તરીકે પોલીસ કમિશનર જી.એસ.મલીક, ગૃહવિભાગના સેક્રેટરી નિપુણા તોરવણેને સચીવ તરીકે અને એડી.સીપી ટ્રાફિકના એન.એન.ચૌધરીને ખજાનચી તરીકે નિમવાનો નિર્ણય લેવાયો હતો. એટીએસ માં યોજાયેલી ક્રાઈમ કોન્ફરન્સમાં રાજ્યના તમામ આઈપીએસ અધિકારી હાજર હોવાથી આઈપીએસ એસોસીએશનનાના હોદ્દેદારો અંગે નિર્ણય લેવાયો હતો. આઈપીએસ એસોસીએશનની એક્ઝિક્યુટીવ કમિટીના સભ્યો તરીકે ૧૧ આઈપીએસ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં એસીબીના ડાયરેક્ટર પિયુષ પટેલ, ડીજીપી કચેરીના એડમિન ગગનદીપ ગંભીર, ગાંધીનગરના રેન્જ આઈજી વિરેન્દ્ર યાદવ, એટીએસના ડીઆઈજી સુનિલ જોશી, ગાંધીનગર આર્મ યુનિટના એસપી વિશાલ વાઘેલા, વલસાડ એસપી કરણરાજ વાઘેલા, રાજકોટ ડીસીપી પાર્થ ગોહિલ, દાહોદ એસપી રાજદીપસિંહ ઝાલા, ખેડા એસપી રાજેશ ગઢિયા, અમદાવાદ ગ્રામ્ય એસપી ઓમપ્રકાશ જાટ અને ઝોન-૩ ડીસીપી વિશાખા ડબરાલનો સમાવેશ થયો હતો.

# રાજકોટમાં બીરાજમાન સ્થાનકવાસી જૈન સમુદાયના પૂ.સંત - સતિજીઓની ચાતુર્માસ યાદી

**મુખ્ય સમાચાર, રાજકોટ**
**સંકલનઃ ચંદ્રકાંતભાઈ શેઠ - મનોજ ડેલીવાળા**

(૧) ગોંડલ સંપ્રદાયના પૂ.ગુરુદેવ દેવેન્દ્ર મુનિ મ.સા., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ), સૂર્ય વિજય ઉત્તમ ઉપાસના ભવન, ૨૦,સરદાર નગર, મો.૯૮૨૫૦ ૭૪૭૫૨

(૨) પૂ.ગુરુદેવ રાજેશ મુનિ મ.સા.આદી ઠાણા.., શાંતિનાથ પૌષધશાળા, સંભવનાથ જૈન સંઘ, (બંને સંઘોમાં સંયુક્ત ચાતુર્માસ ), ૧,સૂર્યોદય સોસાયટી, મો. ૯૪૨૬૨ ૧૯૮૦૪

(૩) પૂ.ગુરુદેવ સુશાંત મુનિ મ.સા., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), શ્રી રામ એપાર્ટમેન્ટ, સરદાર નગર શેરી નં.૧૪, મો. ૯૮૨૪૦ ૪૩૭૬૯

(૪) પૂ. વનિતાબાઈ મ.સ.આદિ ઠાણા..., સરદાર નગર ઉપા., મો. ૯૮૨૫૦ ૭૪૭૫૨

(૫) પૂ.જયોતિબાઈ મ.સ., પૂ.સ્મિતાબાઈ મ.સ.આદિ ઠાણા, રેસકોર્સ પાર્ક ઉપા., મો.૯૮૨૫૫ ૧૧૨૯૫

(૬) પૂ.પદ્મબાઈ મ.સ., પૂ.સોનલબાઈ મ.સ.આદિ ઠાણા, નાલંદા ઉપા., મો.૮૫૧૧૭ ૪૪૨૨૦

(૭) પૂ.ઉષાબાઈ મ.સ., પૂ.વીણાબાઈ મ.સ.આદી ઠાણા.., વૈશાલી નગર કામદાર ઉપા., મો.૯૯૭૯૨ ૩૨૩૫૭

(૮) પૂ.નીલમબાઈ મ.સ. તથા પૂ.પ્રમીલાબાઈ મ.સ., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), કોઠારી ઉપા., પ્રહલાદ પ્લોટ શેરી નં.૨૨, મો.૯૯૭૯૨ ૩૨૩૫૭

(૯) પૂ.હસુતાબાઈ મ.સ. તથા પૂ.હર્ષિદાબાઈ મ.સ., રૈયા હીલ જૈન સંઘ, રામાપીર ચોકડી પાસે, સાધુ વાસવાણી રોડ, મો. ૯૭૩૭૩ ૬૮૨૦૧

(૧૦) પૂ.કિરણબાઈ મ.સ., ભક્તિ નગર ઉપાશ્રય

(૧૧) પૂ.માલતીબાઈ મ.સ., પૂ.સુધાબાઈ મ.સ.., જૈન ચાલ ઉપા., મો.૯૪૦૯૨ ૫૬૫૫૨

(૧૨) પૂ.સુશીલાબાઈ મ.સ.આદી ઠાણા.., શ્રમજીવી ઉપા., મો. ૯૮૨૫૦ ૭૭૯૭૭

(૧૩) પૂ.સરોજબાઈ મ.સ., પૂ.કુસુમબાઈ મ.સ., વીમલનાથ ઉપા., સાધુ વાસવાણી રોડ, મો.૯૪૦૯૦ ૧૪૧૧૩

(૧૪) પૂ.મીનાબાઈ મ.સ., પૂ.જિનેશાબાઈ મ.સ., ઈન્દ્રપ્રસ્થનગર આરાધના ભવન, મો.૯૯૭૯૨ ૩૨૩૫૭

(૧૫) પૂ.વીણાબાઈ મ.સ., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), શ્રમજીવી આરાધના ભવન, મો.૯૯૭૯૨ ૩૨૩૫૭

(૧૬) પૂ.કિરણબાઈ મ.સ., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), આરાધના ભવન, વીતરાગ સોસાયટી, મો. ૯૮૨૪૨ ૦૦૬૭૦

(૧૭) પૂ.ભાનુબાઈ મ.સ.આદી ઠાણા.., વિરાણી પૌષધશાળા, મો.૯૮૨૫૦ ૭૪૭૫૨

(૧૮) પૂ.શાંતાબાઈ મ.સ.આદી ઠાણા.., જય જિનેન્દ્ર આરાધના ભવન, જન કલ્યાણ સોસાયટી, મો. ૯૯૦૪૦ ૮૬૫૫૨

(૧૯) પૂ.હંસાબાઈ મ.સ.આદી ઠાણા..., મહાવીર નગર ઉપા., મો. ૯૩૨૯૪૧૯૭૬

(૨૦) પૂ.વિજ્યાબાઈ મ.સ.આદી ઠાણા.., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), સદર ઉપા., મો. ૯૩૭૪૧ ૨૭૯૨૪

(૨૧) પૂ.સાધનાબાઈ મ.સ., પૂ.સંગીતાબાઈ મ.સ., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), રાજગીરી,યુનિવર્સિટી રોડ, મો. ૯૧૫૭૫ ૧૮૬૦૦

(૨૨) પૂ.વનિતાબાઈ મ.સ.આદી ઠાણા.., શેઠ ઉપાશ્રય, મો. ૯૪૨૯૫ ૬૨૯૦૦

(૨૩) પૂ.દીક્ષિતાબાઈ મ.સ., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), સદર ઉપા., મો. ૯૩૭૪૧ ૨૭૯૨૪

(૨૪) પૂ.વિનોદીની બાઈ મ., પૂ.ભાવનાબાઈ મ.સ., (આરોગ્ય લક્ષે સ્થિરવાસ ), હેતલ એપાર્ટમેન્ટ, ૬/૧૪ જાગનાથ પ્લોટ, મો.૯૫૧૨૨ ૧૪૬૬૦

(૨૫) પૂ.કલ્પનાબાઈ મ.સ., પૂ.અજીતાબાઈ મ.સ.આદી ઠાણા.., સદર ઉપા., મો. ૯૩૭૪૧ ૨૭૯૨૪

(૨૬) પૂ.સુનિતાબાઈ મ.સ., ડૉ.પૂ.શ્વેતાંશીબાઈ મ.., મનહર પ્લોટ ઉપા., મો. ૯૮૨૪૫ ૧૯૯૯૭

(૨૭) પૂ.રુપાબાઈ મ.સ., ડૉ.પન્નાબાઈ મ.સ.આદી ઠાણા.., નેમિનાથ - વીતરાગ ઉપા., મો. ૯૮૨૪૨ ૦૦૬૭૦

(૨૮) પૂ.કુસુમબાઈ મ.સ.આદી ઠાણા.., પાર્શ્વનાથ ઉપા., ૪,જનતા સોસાયટી, મો.૯૮૨૪૫ ૧૫૦૯૭

(૨૯) પૂ.ચંદનબાઈ મ.સ., આદી ઠાણા, શીતલનાથ ઉપાશ્રય, ૭ અ,મીલપરા, મો. ૯૯૭૯૧ ૬૪૨૬૩

(૩૦) પૂ.અર્પિતાજી મ.સ.આદી ઠાણા.., સુમતિનાથ ઉપા., ગીતાનગર, ૯૨૭૫૦ ૭૭૩૩૧

(૩૧) પૂ.હીતજ્ઞાજી મ.સ.આદી ઠાણા.., ઋષભદેવ ઉપા., ૨૫૮૧૬૯૫

(૩૨) પૂ.ધર્મજ્ઞાજી મ.સ.આદી ઠાણા.., ઋષભાનન ઉપાશ્રય, નાગેશ્વર, જામનગર રોડ, મો.૮૨૦૦૭ ૭૧૨૯૬

(૩૩) પૂ.સાધનાબાઈ મ.સ.આદી ઠાણા.., (ગોંડલ સંઘાણી સંપ્રદાય ), રોયલ પાર્ક ઉપા., મો.૯૮૨૪૦ ૪૩૭૬૯

(૩૪) પૂ.ઉર્મિલાબાઈ મ.સ.આદી ઠાણા.., (ગોંડલ સંઘાણી સંપ્રદાય ), દીવાન પરા, મો. ૯૯૭૮૯ ૫૦૯૨૩

(૩૫) પૂ.રાજેશ્વરીબાઈ મ.સ.આદી ઠાણા..., (ગોંડલ સંઘાણી સંપ્રદાય ), ગીત ગુર્જરી ઉપા., મો. ૯૮૨૫૪ ૩૮૧૩૯

(૩૬) પૂ.તરલાજી મ.સ.આદી ઠાણા.., (અજરામર સંપ્રદાય ), અજરામર ઉપા., મો.૯૮૨૫૩ ૩૬૧૯૪

(૩૭) પૂ.સંજુલતાજી મ.સ.આદી ઠાણા.., ( જ્ઞાન ગચ્છ સંપ્રદાય ), સમર્થ શ્રદ્ધા ઉપા., ઢેબર રોડ, મો. ૯૪૨૭૨ ૧૪૩૨૪

# રાજકોટમાં વિદ્યાનગર રોડ, જ્યુબિલી ચોક વિસ્તારમાં વરસાદી ખાડા - માર્ગ મરામતનું કામ પૂરજોશમાં



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વરસાદના પગલે વિવિધ વિસ્તારમાં પડી ગયેલા ખાડા તેમજ ક્ષતિગ્રસ્ત માર્ગનું રીપેરીંગ રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પૂરજોશમાં ચાલી રહ્યું છે.

રાજકોટમાં વિદ્યાનગર મેઈન રોડ તેમજ જયુબિલી ચોક જવાહર રોડ પર વરસાદને પગલે પડી ગયેલા ખાડામાં મેટલ નાખીને આર.એમ.સી.ની ટીમ દ્વારા રોડને સમતલ કરી દેવામાં આવ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાની સુચના મુજબ અધિકારીઓની ટીમમાં રહીને ખાડાઓ તેમજ રોડ રીપેરિંગની કામગીરી પર સતત નજર રાખી રહી છે.

# જામનગરના ધ્રોલમાં યુવતીનો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના ધ્રોલમાં ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતી એક યુવતીને પ્રેમમાં દગો થયો હતો, અને પ્રેમીએ લગ્નની હા પાડ્યા બાદ ફરી જતાં ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવાદોરી ટૂંકાવી છે. પ્રેમી અને તેની સાથે અન્ય બે મહિલાઓના ત્રાસ અને મરી જવા માટે મજબૂર કરવા અંગે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.આ બનાવની વિગત એવી છે કે જામનગર જિલ્લાના ધ્રોળ તાલુકાના ચામુંડા પ્લોટમાં રહેતી મધુબેન ટાભાભાઇ વાઘેલા નામની ૩૨ વર્ષની યુવતિ કે જેને ધ્રોળના ચામુંડા પ્લોટ વિસ્તારમાં રહેતા મિલનભાઈ કંટારીયા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો, અને સૌ પ્રથમ લગ્ન કરી લેવાનો વાયદો કર્યો હતો પરંતુ પ્રેમીએ દગો દીધો હતો, અને લગ્ન કરવાનો ઈનકાર કરી દેતાં અને તારે જે કરવું હોય તે કરી લે, મરવું હોય તો મરી જાજે તેમ કહી મરવા માટે મજબુર કરતાં મધુબેને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી હતી.

આ બનાવ અંગે ધ્રોલ પોલીસને જાણ થતાં ધ્રોળના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.વી.રાઠોડ પોતાની ટીમ સાથે બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મધુબેનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં પોલીસે મૃતક યુવતીની માતા લક્ષ્મીબેન ટાભાભાઈ વાઘેલા, કે જેનું નિવેદન નોંધ્યું હતું જેમાં પોતાની પુત્રીને મિલનભાઈ કંટારીયા નામના પ્રેમી અને તેની સાથેની બે મહિલાઓ રેખાબેન રમેશભાઈ ચાવડા તેમજ કંકુબેન દેવજીભાઈ ચાવડા કે જેઓના ત્રાસથી કંટાળીને મધુબેને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું. ઉપરાંત બે મહિલાઓએ પણ તેમાં મદદગારી કરીને ત્રાસ.આપ્યો હતો, જેથી તેણીએ વ્યથિત થઈને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનુ પોલીસમાં જાહેર થયું છે. જે મામલે ધ્રોળ પોલીસે ત્રણેય આરોપીઓ સામે ગુનો નોધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.

# સગર્ભાએ કરેલી આત્મહત્યા મામલે પતિ-સાસુ સામે ગુન્હો નોંધાયો

### તરઘડીના આત્મીય નેચરોપેથી સેન્ટરમાં આવેલા ફ્લેટમાં ૩૨ વર્ષીય પરણિતાએ ગળાફાંસો ખાઇ જિંદગી ટૂંકાવી લીધી હતી, દહેજ માંગી ત્રાસ આપતા હોવાનો મૃતકના પિતાનો આક્ષેપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના તરઘડી ગામે આત્મીય નેચરોપેથી સેન્ટરમાં આવેલા ફ્લેટમાં ૩૨ વર્ષી ય પરણિતાએ ગળાફાંસો ખાઇ જિંદગી ટૂંકાવી લીધી હતી. આ મામલે મૃતકના પિતાએ તેણીના સાસુ અને પતિ સામે દેહજ માંગી ત્રાસ આપતા હોવાના આક્ષેપો કરતાં પોલીસે મરવા મજબૂર કર્યા અંગેનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

તરઘડી ગામે આત્મીય નેચરોપેથી સેન્ટરમાં આવેલા ફ્લેટમાં રહેતી ૩૨ વર્ષીય પૂજા મનીષભાઈ શર્મા નામની ગર્ભવતી પરણિતાએ બે દિવસ પૂર્વે ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. જે મામલે દિલ્હી રહેતા મૃતકના પિતા લક્ષ્મણ રામેશ્વર શર્માએ જમાઈ મનીષ શર્મા અને વેવાણ મંજુ શર્મા વિરુદ્ધ મારવા મજબૂર કરવા અંગેની ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેમની દીકરી પૂજાના લગ્ન ઓગસ્ટ ૨૦૨૧માં લોની, ગાઝિયાબાદના મનીષ શર્મા સાથે બ્રાહ્મણ જ્ઞાતિના રીત-રિવાજ મુજબ થયા હતા. પૂજાએ દિલ્હીમાંથી એમ.એ.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો.

લગ્ન બાદ પૂજા તેના પતિ મનીષ અને સાસુ મંજુ શર્મા સાથે લોની, ગાઝિયાબાદ ખાતે રહેતી હતી. પરંતુ લગ્નના પ્રથમ ત્રણ વર્ષમાં મનીષ અને તેની માતા મંજુ શર્મા દ્વારા પૂજાને દહેજની માંગણી અને ઘરકામ ન કરવાના ટોણા મારી માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ કારણે પૂજા અવારનવાર તેના માતા-પિતાના ઘરે દિલ્હી આવી જતી હતી.

છેલ્લા ૧૧ મહિનાથી પૂજા અને મનીષ શર્મા રાજકોટ જિલ્લાના તરઘડી ગામે આત્મનીમ નેચરોપેથી સેન્ટરમાં નોકરી કરતા હતા અને ત્યાં ફ્લેટ નં. અ-૫૦૩માં રહેતા હતા. ફરિયાદમાં જણાવ્યું છે કે, પૂજા ગર્ભવતી હોવા છતાં મનીષ તેને નાની-નાની બાબતોમાં હેરાન કરતો હતો. મનીષ પોતાનો પગાર તેની માતા મંજુ શર્માને મોકલી દેતો, જેના કારણે પૂજાની ગર્ભાવસ્થા દરમિયાન તેની સારવાર અને સંભાળમાં બેદરકારી રાખવામાં આવતી હતી.

આ ઉપરાંત, મનીષે બે મહિના પહેલા પૂજાનું ગળું દબાવી ધક્કો માર્યો હોવાની વાત પણ પૂજાએ તેના પિતાને જણાવી હતી. ગત તા ૦૫/૦૭/૨૦૨૫ના બપોરે ૧૩૦ વાગ્યે મનીષે પૂજાના પિતાને ફોન કરી જણાવ્યું કે, પૂજાએ ઘરનું બારણું અંદરથી લૉક કર્યું છે અને ફોન ઉપાડતી નથી. થોડા સમય બાદ મનીષે ફરી ફોન કરી જણાવ્યું કે, પૂજાએ ચુંદડી વડે પંખા સાથે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે.

દીકરીના મોતના સમાચાર મળતા જ તે અને તેમનો પરિવાર રાજકોટ દોડી આવ્યો હતો અહીં ડોક્ટરે દીકરી પૂજા અને તેના ગર્ભમાં રહેલા બાળકનો મૃતદેહ સોંપાયો હતો. જે બાદ પરિવારે બંનેની અંતિમવિધિ કરી હતી. પોલીસે આ મામલે ગુન્હો નોંધાઈ વધુ તપાસ હાથ ધરી છે.

# મેટોડામાં સરપંચ પતિએ ૫૪ લાખની સરકારી જમીન ઉપર બંગલો બનાવ્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર જિલ્લામાં સરકારી જમીનને વડીલોપાર્જિત મિલ્કત સમજતા તત્વો દ્વારા બેફામ દબાણ કરવામાં આવી રહ્યા છે અને અમરગઢ ભીચરી તેમજ મહિકામાં સરકારી જમીન ઉપર સૂચિત સોસાયટીના ખેલ પાડવામાં આવી રહ્યા છે તેવામાં લોધીકા તાલુકાના મેટોડા ગામના મહિલા સરપંચના પતિદેવે અંદાજે ૫૪ લાખ રૂપિયાથી વધુ કિંમતી ૪૨૦ ચોરસ મીટર સરકારી જમીન ઉપર આલીશાન બંગલો ખડકી દેતા જાગૃત નાગરિકની ફરિયાદ બાદ મામલતદાર તંત્ર દોડતું થયું છે અને દબાણ અંગેનો કેસ ચલાવી દસ દિવસમાં દબાણ હટાવવા આદેશ કરી ૫૪,૬૦૦ રૂપિયા દંડ ફટકાર્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ-કાલાવડ રોડ ઉપર આવેલ લોધીકા તાલુકાના મેટોડા ગામના સરપંચ સંગીતાબેન જયંતીભાઈ સભાયાના પતિ જયંતીભાઈ અમરશીભાઈ સભાયાએ મેટોડા ગામના ગેઈટની અંદર આવેલ રેવન્યુ સર્વે નંબર ૪૧૨ પૈકીની સરકારી ખરાબાની ૪૨૦ ચોરસમીટર જમીન ઉપર બંગલો બાંધી દબાણ કરી લેતા દબાણ મામલે જાગૃત નાગરિકની ફરિયાદ બાદ નાયબ મામલતદાર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવતા ઉપરોક્ત સ્થળે દબાણ હોવાનું સામે આવતા લેન્ડ રેવન્યુ કોડની કલમ ૬૧ મુજબ કેસ દાખલ કરવામાં આવ્યો હતો અને ૧૨-૧૨ મુદ્દતો આપ્યા બાદ મામલતદાર દ્વારા મહિલા સરપંચનું નિવેદન લેવામાં આવતા સરપંચે તેમના પતિ જયંતીભાઈ અમરશીભાઈ સભાયાએ દબાણ કરી રહેણાંક બનાવ્યું હોવાનું જણાવ્યું હતું.

બીજી તરફ મેટોડા ગામની સરકારી જમીન ઉપર દબાણ કરી લેનાર સરપંચ પતિને સાંભળવા માટે મામલતદાર દ્વારા ૧૨-૧૨ મુદતો આપવા છતાં પણ એક પણ મુદતમાં તેઓ હાજર રહ્યા ન હોવાનું સામે આવ્યું છે. સાથે જ સરકારી જમીન ઉપર આલીશાન બંગલો ખડકી દેનાર સરપંચ પતિએ અહીં વીજ જોડાણ પણ મેળવી લીધું હોવાનું સામે આવ્યું છે. આ સંજોગોમાં સવાલ એ ઉઠે છે કે, ગામડામાં સરકારી જમીન ઉપર દબાણ ન થાય તે જોવાની જવાબદારી જેમની છે તેવા સરપંચના પરિવારે જ દબાણ કરી બંગલા બનાવી લેતા અન્ય દબાણકર્તાઓની તો વાત જ કરવી અસ્થાને છે.

ઉલ્લેખનીય છે કે, મેટોડા જીઆઇડીસીની કારણે અહીં જમીનના ભાવ કરોડો રૂપિયા છે ત્યારે મામલતદાર લોધીકા દ્વારા સરપંચ પતિના આ જમીન દબાણ કેસમાં મેટોડાની સરકારી ખરાબાની ૪૨૦ ચોરસ મીટર જમીનના ભાવ ૫૪ લાખથી વધુ ગણી દસ દિવસમાં સરકારી જમીન ઉપરથી દબાણ હટાવવા હુકમ કરી રૂ.૫૪,૬૦૦નો દંડ ફટકારતો હુકમ કરાયો છે. બીજી તરફ સરપંચના પતિ જયંતીભાઈનો સંપર્ક કરતા તેઓએ છેલ્લા ૩૦થી ૩૨ વર્ષથી આ દબાણ કર્યું હોવાનું કબુલ્યું હતું. હાલમાં સરપંચ પતિ દ્વારા આ ગેરકાયદેસર બાંધકામ અને પેશકદમીને રેગ્યુલાઈયુઝડ કરાવવા દોડધામ શરુ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# રાજકોટની એનિમલ હોસ્ટેલની હાલત દયનીય, ગૌવંશ કાદવમાં રહેવા મજબૂર

### પશુઓ માટે પુરતી વ્યવસ્થા નહિ થતા ગૌવંશના મોત થતા હોવાના આક્ષેપ, ચોમાસુ પુરૂ થયા બાદ એનિમલ હોસ્ટેલના રસ્તા પાકા કરી છાપરા નખાશે: મેયર



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પશુઓને જાહેરમાં રાખવાની હાઈકોર્ટના આદેશ પ્રમાણે મનાઈ ફરમાવી દેવાયા બાદ માલધારીઓએ તેમને એનિમલ હોસ્ટેલમાં રાખ્યાછે જયાં દર ચોમાસે પશુઓ કાદવ કિચડમાંરહેવા મજબૂરથતા હોવાની ફરિયાદો ઉઠી છે. શહેરની હોસ્ટેલમાં સફાઈના પ્રશ્નો દર ચોમાસે ઉભા થાય છે અને તેના કારણે જીવજંતુનો ત્રાસ વધતા પશુ પણ બિમાર પડતા હોવાની રાવ માલધારીઓએ ઉઠાવતા મેયર કહયું હતું કે વરસાદની સિઝન પુરી થયા બાદ એનિમલહોસ્ટેલના રસ્તા પાકા કરી અને છાપરાનાખી દેવાશે હાલ કામગીરી થઈ શકે તેમ નથી પણ ઉઘાડ થયા બાદ અન્ય પ્રશ્નો પણ ઉકેલવા પ્રયાસો કરવામાં આવશે.

માલધારી આગેવાનોએ કહયું હતું કે, એનિમલ હોસ્ટેલમા ગૌવંશની હાલત બગડતી જાયતેવી ગંદકી થઈ જાયછે. માલધારીઓને સુવિધા આપવા વાયદા કરી પછી નિભાવવામાં આવ્યા નથી. ગાયોને બાંધવા માટે યોગ્ય છાપરા પણ નાખવામાં આવ્યા નથી. ગાયોને કાદવ કિચડમાં રાખવી પડે છે અને તેના કારણે તે બિમાર પડી શ્રી મૃત્યુદ્ધમે મૃત્યુ પામે છે. મવડી અને રૈયા ધાર એનિમલ હોસ્ટેલમાં સફાઈ અને સુવિધાના પ્રશ્નો છે.રેલનગરમાં પણ ખરાબ સ્થિતિ છે. એનિમલહોસ્ટેલમાં સફાઈ મામલે સેવાઓ પુરતી આપવી જોઈએ તે અપાતી નથી. પશુપાલકોને છાયડો કરી દેવા માટે જણાવાયું હતુ પણ તેમ થયું નથી.

# ભેંસાણમાં શિક્ષણને લજવતા પ્રકરણમાં આચાર્ય-શિક્ષકની ધરપકડ

### શૈક્ષણિક સંકુલમાં ૨૫થી વધુ વિદ્યાર્થીઓ સાથે અભદ્ર કૃત્ય કરવાના બનાવમાં પોલીસની કાર્યવાહી, પંથકમાં હાહકાર મચ્યો





**મુખ્ય સમાચાર, જૂનાગઢ**

જૂનાગઢ જિલ્લાના ભેંસાણ તાલુકામાં આવેલા એક ખાનગી શૈક્ષણિક સંકુલમાં શિક્ષણજગતને લજાવતી ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. સંકુલના પ્રિન્સિપાલ અને સંસ્કૃતના શિક્ષક પર ૨૫થી વધુ વિદ્યાર્થીઓ સાથે અભદ્ર કૃત્ય કર્યાના આક્ષેપો કરવામાં આવ્યા છે. આ ઘટનાએ વાલીઓમાં ભારે રોષ ફેલાયો છે અને સમગ્ર ભેંસાણમાં આ મામલે ભારે ચર્ચા છે. પોલીસે બંનેને ઉપાડી લીધા અને પૂછપરછ કરી હતી. દરમિયાન આ મુદ્દે વાલીઓ કંઈપણ કહેવા ઈનકાર કરી રહ્યા છે. વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે છેલ્લા ઘણા દિવસોથી મોડીરાતે પ્રિન્સિપાલ અને શિક્ષક રૂમમાં બોલાવી કપડાં ઉતારતા અને અન્ય અભદ્ર કૃત્ય કરતા હતા.

એક વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે આ સંસ્થાના ૨૦થી ૨૫ વિદ્યાર્થી સાથે આવી ઘટના બની છે. આ સમગ્ર ઘટનાને લઈ વાલીઓ પણ ભેંસાણ પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. પોલીસ પૂછપરછ દરમિયાનન સંસ્થાના કેટલાક વહીવટદારોએ વાલીઓને સમજાવવાનો પ્રયાસ કરતાં કહ્યું હતું કે આ બંનેને ફરી સંસ્થામાં લઈ જઈને તમે મારી લો, પોલીસ ફરિયાદ નહીં કરો, નહીં તો બાળકોનાં ભવિષ્ય પર અસર પડશે. પરંતુ વાલીઓએ કાયદો હાથમાં લેવાનું ઈનકાર કરી દીધો. ભેંસાણના પીઆઈ આર.બી. ગઢવીએ જણાવ્યું હતું કે વાલીઓ ફરિયાદ કરવાની ના કહી રહ્યા છે છતાં પ્રિન્સિપાલ અને શિક્ષકને પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. બંનેની પૂછપરછ ચાલી રહી છે. જો ગુનાની પુષ્ટિ થાય તો કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે.

કિરણબેને વધુમાં કહ્યું, આ કેસ પોક્સો એક્ટ હેઠળ આવે છે. ગુનાની પુષ્ટિ થાય તો બંનેને કડક સજાની જોગવાઈ છે. હાલમાં બાળકલ્યાણ સમિતિ દ્વારા કાઉન્સેલિંગ શરૂ કરવામાં આવ્યું છે જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાનું નિવેદન આ મામલે જિલ્લા શિક્ષણ અધિકારી લતાબેન ઉપાધ્યાએ જણાવ્યું હતું કે ઘટના અંગે જાણ થતાં અધિકારીને ઘટનાસ્થળે મોકલી દીધા છે. હાલ જિલ્લા શિક્ષણની સંપૂર્ણ ટીમ સંકુલમાં તપાસ કરી રહી હતી.

# સરગમ ક્લબ દ્વારા દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાયો

ત્રણ દિવસ કેમ્પ માં ૮૬ દર્દી એ લાભ લીધો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી ના સયુંકત ઉપક્રમે તા.૧/૦૭/૨૦૨૫ થી ૩/૦૭/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં કુલ ૮૬ દર્દીઓ એ લાભ લીધો જેમાં કેલીપર્સ નાં દર્દી ૩૪ લેગ (પગ) નાં દદી ૩૯ અને રીપેરીંગ ૧૩ દર્દી વિનામૂલ્યે લાભ લીધો.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા અને જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી એ જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) તેમજ તેના પરિવારજનો તેજસભાઈ સંઘવી ના પરિવારનો સહયોગ મળેલ છે.

દર વર્ષે ૧ જૂલાઈ ના રોજ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી (દુબઈ) દ્વારા જયપુર ફૂટ કેમ્પ યોજાશે.

આ કેમ્પની સફળતા માટે સરગમ ક્લબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવ-ળા તેમજ જયશ્રીબેન તનસુખભાઈ સંઘવી તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ યોજાયેલ. આ કેમ્પ ને સફળ બનાવવા માટે શ્રી દીપકભાઈ કમાણી, રશ્મિભાઈ કમાણી, કિશોરભાઈ પરમાર, જે.કે. સરાઠે તથા સરગમ કલબના કમિટી મેમ્બર પ્રફુલભાઈ મિરાણી, અનવરભાઈ ઢેબા, તેમજ ચેતનાબેન સવજાણી, ભાવનાબેન મહેતા, કૈલાશબા વાળા, જયશ્રીબેન વ્યાસ, હર્ષાબેન પીઠડીયા, હર્ષાબેન કથ્રેચા, નિશાબેન વડગામા, મિતલબેન ચગ, શોભનાબેન સોમૈયા, આશાબેન ભુછડા, દિવ્યાબેન ઉમરાણીયા, ગીતબેન ઉનાગર વગેરે જહેમત ઉઠાવી હતી. આ કેમ્પ માં રાજસ્થાનનાં ડોકટરો જગનલાલ ચોધરી, હેમંત શર્મા, તુફાનસિંહ તોમર વગેરે સેવા આપેલ આવનારા તમામ દર્દી ઓને વિના મુલ્યે ચા પાણી આપવામાં આવેલ.

આગામી કેમ્પ તા.૧/૦૮/૨૦૨૫ નાં રોજ ૩ દિવસ માટે યોજાશે.

વોર્ડ નં. ૧૮માં વિવિધ એરિયામાં નાયબ કમિશનર મનીષ ગુરવાની મુલાકાત

# રસ્તા રિપેરિંગ, ફરિયાદનો નિકાલ અને ડોર ટુ ડોર કામગીરીનું લોકો સાથે વાત કરીને ક્રોસ વેરિફિકેશન





**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના નાયબ કમિશનર મનીષ ગુરવાનીએ આજે શહેરના વોર્ડ નં.૧૮ માં શિવનગર અને ડી માર્ટ વાળા રોડ અને આજુબાજુના વિસ્તારોની મુલાકાત લીધી હતી. આ વિઝિટ દરમિયાન તેમણે રાજકોટ મહાનગરપાલિકાના જુદાજુદા વિભાગોની કામગીરીની સમીક્ષા કરી હતી. જેમાં તેમણે રસ્તા રિપેરિંગ અને ખાડા બૂરવાની કામગીરી, જુદીજુદી ફરિયાદોના નિકાલ અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા થતી ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શન કામગીરીનું નાગરિકો સાથે ફોન કોલથી અને રૂબરૂ વાતચિત કરી ક્રોસ વેરિફિકેશન પણ કર્યું હતું.

શહેરના પૂર્વ ઝોન હેઠળના આ વિસ્તારોમાં મહાનગરપાલિકાની ટીમો દ્વારા લોકો તરફથી રજુ કરવામાં આવેલી જે ફરિયાદોનો નિકાલ કરવામાં આવ્યો હોવાનું દર્શાવવામાં આવ્યું હતું તેમાં મહાનગરપાલિકાની કામગીરી રહી તેનું નાયબ કમિશનર મનીષ ગુરવાનીએ જાતે જ મૂલ્યાંકન કર્યું હતું. આ માટે તેમણે પોતે જ અમૂક ફરિયાદી નાગરિકોને ફોન કોલ કરીને ફરિયાદોના નિકાલ અંગે તેઓના રીવ્યુ મેળવ્યા હતાં.

આ ઉપરાંત નાયબ કમિશનરએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ટીપર વાનથી ડોર ટુ ડોર વેસ્ટ કલેક્શનની કામગીરીની સમિક્ષા પણ કરી હતી. ટીપર વાન દ્વારા તેને ફાળવવામાં આવેલ રૂટ પર વ્યવસ્થિત-રીતે અને સમયસર ડોર ટુ ડોર કામગીરી કરવામાં આવે છે કે કેમ તે અંગે સીધો નાગરિકો સાથે સંવાદ કરીને ચકાસણી કરી હતી.

નાયબ કમિશનરની આ ફેરણી દરમિયાન તેમની સાથે પૂર્વ ઝોનના સિટી ઈજનેર, નાયબ પર્યાવરણ ઈજનેર, વોર્ડ ઓફિસર અને અન્ય સંબંધિત અધિકારીઓ હાજર રહ્યા હતાં.

# વર્લ્ડ ઝુનોસીસ ડે નિમિત્તે નિઃશુલ્ક હડકવા વિરોધી રસીકરણ અને સારવાર કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર પ્રાણી કલ્યાણ મંડળ સંચાલિત પશુ દવાખાના ખાતે તા.૦૬ જુલાઈના રોજ વર્લ્ડ ઝુનોસિસ ડેની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં નિશુલ્ક હડકવા વિરોધી રસીકરણ અને સારવાર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં શ્વાન પાલકોએ પોતાના પ્રાણીઓ વિશે કાળજી લીધી હતી. જેમાં હડકવા વિરોધી રસીના ૧૦૨, સારવારના ૩૫ અને સાત રોગની રસીના ૩૨ કેસ એમ કુલ ૧૬૯ કેસની સારવાર, રસીકરણ અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નિશુલ્ક પ્રાણી સારવાર કેમ્પમાં ડો.રાખોલીયા, ડો.ભાડજા, ડો.જૈનિક પ્રજાપતિ, ડો.અંજલી પ્રજાપતિ તેમજ રમેશભાઈ, વૈભવભાઈ તથા ભુવાભાઈ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. કેમ્પમાં શ્વાનની દવા બનાવતી કંપની Virbac, Intas, Vitax અને Himalaya



દ્વારા દવાઓ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સમગ્ર આયોજન ટ્રસ્ટી રજનીભાઈ શાહ અને વિમલભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઈવનિંગપોસ્ટના સીનીયર સીટીઝન માટે સંગીત સંધ્યા નો કાર્યક્રમ આવતીકાલે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં તા. ૦૯/૦૭/૨૦૨૫ ને બુધવાર નાં રોજ ૫૩૦ કલાકે ''તરંગી મ્યુઝીકલ'' ગ્રુપ દ્વારા કારાઓકે પર એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. તો તમામ સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના તમામ સભ્યોએ આઈકાર્ડ ઉપર પ્રવેશ મળશે. આઈકાર્ડ સાથે લઈને આવવું ફરજીયાત છે. તેના વગર પ્રવેશ નહિ મળે.

તમામ મેમ્બરે સમયસર હાજરી આપવી. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઇન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઇન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, વિરેન્દ્રભાઈ ગરાચ જહેમત ઉઠાવી રહ્યા છે.

# જામજોધપુરના કન્યા વિદ્યાલય ખાતે 'પ્લાસ્ટિક પ્રદૂષણના અંત' અભિયાન અંતર્ગત સફાઇ ઝુંબેશ હાથ ધરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામજોધપુર નગરપાલિકા દ્વારા નગરપાલિકા સંચાલિત કન્યા વિદ્યાલય - જામજોધપુર ખાતે ''Ending Plastic Pollution'' અભિયાન અંતર્ગત સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીનીઓની જનભાગીદારી થકી શાળા પ્લે ગ્રાઉન્ડની સફાઈ કરી કચરાને દુર કરવામાં આવ્યો હતો.



શિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને સિંગલ યુઝ પ્લાસ્ટિક એટલે પ્લાસ્ટિક ગ્લાસ, પ્લાસ્ટિક કટલરી, કેરીબેગ વગેરે પર સરકાર દ્વારા પ્રતિબંધ મુકવામાં આવેલ છે તે અંગે માહિતગાર કરી પ્લાસ્ટિક વસ્તુની અવેજીમાં ઇકો ફ્રેન્ડલી વસ્તુઓ જેમકે કાપડની થેલી, ઝાડના પાન અને લાકડાંમાંથી બનતા થાળી, વાટકા વગેરે વિકલ્પો વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અભિયાનમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# શિવનગરમાં જમીન-મકાનના દલાલ સહિત છ જુગાર રમતા ઝડપાયા

દરોડા દરમિયાન ૨૩ હજારનો મુદ્દામાલ જપ્ત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ રોડ શિવનગર શેરી.૪ ખાતે આવેલા માતૃછાયા નામના મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમીને આધારે માલવીયા નગર પોલીસના હેડકોન્સ્ટેબલ ચિત્રકેતુસિંહ ઝાલા અને સ્ટાફે દરોડો પાડી છ શખ્સોને ઝડપી લઈ ૨૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. માલવીયાનગર પોલીસના સ્ટાફે બાતમીને આધારે જુગાર રમતા મનહરસિંહ નટવરસિંહ રાઠોડ ધંધો-નિવૃત, રહે. શીવનગર શેરી નં ૦૪, માતૃ છાયા મકાન, દોશી હોસ્પીટલ મેઈન રોડ, ગોંડલ રોડ ,સહદેવસિંહ મહેન્દ્રસિંહ જાડેજા ધંધો-જમીન-મકાનનો વેપાર, રહે.જુની પૈપયા વાડી શેરી નં ૦૨, સંત કૃપા મકાન, દોશી હોસ્પીટલની સામે, ગોંડલ રોડ , કરીમભાઈ મનજીભાઈ સુરાણી રહે.-નવલનગર શેરી નં ૦૯, આર.સી.એમ.સી. ક્વાર્ટર બ્લોક નંબર ૦૪, ક્વાર્ટર નં ૧૯૧૫, અંકુર મેઈન રોડ , રમેશભાઈ વાઘજીભાઈ ગૌસ્વામી, રહે.- ન્યુ આકાશ દિપ સોસાયટી શેરી નં ૦૫, મવડી ચોકડી પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ,સુધીરભાઈ ભુપતભાઈ તેરૈયા,ધંધો-ડ્રાઈવીંગ રહે.બજરંગ વાડી પુનીત નગર શેરી નં ૦૪, ચામુંડા ભુવન મકાન જામનગર રોડ રાજકોટ અને જયંતીભાઈ ચંદુભાઈ સોલંકી, ઉ.વ.- ૪૨, ધંધો-ડ્રાઈવીંગ (રહે.ગીતાનગર શેરી નં ૦૮, મધુવન મકાન દોશી હોસ્પીટલની બાજુમા ગોંડલ રોડ ને ઝડપી લઇ ૨૩ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# રાજકોટ જિલ્લાની નાર્કોટિક્સ કમિટીની બેઠક ૮ જુલાઈએ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાર્કોટીકસની ગેરકાયદેસર હેરા-ફેરી અને વેચાણ અટકાવવા માટેની NCORD જિલ્લા કક્ષાની કમિટીની મીટીંગ જિલ્લા કલેકટર, રાજકોટના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ખાતે તા.૦૮/૦૭/૨૦૨૫ના ૧૧ વાગ્યે યોજાશે, સમિતિના સભ્યોને આ મીટીંગમાં સમયસર ઉપસ્થિત રહેવા રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ સિવિલમાં આજથી હૃદય રોગની ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ

અમદાવાદની યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી હૃદયરોગના દર્દીઓનું નિદાન કરી અપાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની સિવિલ હોસ્પિટલ સ્થિત. પી.એમ.એસ.એસ.વાય. બિલ્ડીંગના પહેલા માળે આવતી કાલથી હૃદય રોગ સંબંધી ઓ.પી.ડી. સેવાનો પ્રારંભ થશે.

અમદાવાદની પ્રખ્યાત યુ.એન.મહેતા ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી હૃદયરોગના દર્દીઓનું નિદાન કરી આપવામાં આવશે. ઓ.પી.ડી. નો સમય સોમવાર થી શનિવાર સવારે ૯ કલાકથી બપોરે ૧ વાગ્યા સુધી રહેશે તેમજ બપોરે ૪ થી ૫ કલાક દરમ્યાન ફોલોઅપ ઓ.પી.ડી. કરવામાં આવશે.

રવિવાર તેમજ જાહેર રજાને બાદ કરતા વર્કિંગ દિવસોમાં આ સેવાનો લાભ મેળવી શકાશે તેમ સિવિલ અધિક્ષક ડો. મોનાલી માકડીયાએ જણાવ્યું છે.

# બેડીનાકા ટાવર પાસે વેલ્ડિંગ કામ કરતી વેળાએ વીજશોક લાગતા યુવાનનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના બેડીનાકા ટાવર પાસે વેલ્ડીંગ કામની દુકાનમાં કામ કરતો પરપ્રાંતિય યુવાનને વેલ્ડીંગ કામ કરતી વેળાએ વીજશોક લાગતાં તેને સારવાર માટે સિવિલ હોસિપટલમાં બોડવાં અવ્યો છે દરમ્યાન તેનું મોત નિપજતાં પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ, સામકાંઠે દૂધસાગર રોડ પર જયહિન્દનગરમાં રહેતો રમેશ અભિમન્યુ ગોડ (ઉ.૪૧) નામનો યુવાન ગત તા.૧નાં સવારે બેડીનાકા ટાવર પાસે આવેલી વેલ્ડીંગની દુકાનમાં કામ કરતો હતો ત્યારે વેલ્ડીંગ કામ કરતી વેળાએ વીજશોક લાગતાં તેને ગંભીર હાલતમાં સારવાર માટે પ્રથમ સિવિલ બાદ ખાનગી હોસિપટલમાં ખસેડવામાં આવ્યો હતો. પરંતુ સારવાર કારગત ન નીવડતાં આજે નિપજ્યું અંગે એ-મૃતનું પીએમ સિવિલ હોસ્પિટલ ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં મુતક બે ભાઈમાં નાનો અને મુળ યુપીનો વતની હોવાનું જાણવા મળ્યું છે. તેને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે.

# પરાપીપળીયા માં નર્સિંગના છાત્રને ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ

યુવકને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે જામનગર રોડ પર આવેલા પરાપીપળીયા ગામે નર્સિંગ કોલેજમાં વિદ્યાર્થીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે સિવિલ હોસિપટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે ગાંધીગ્રામ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ, શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી પાસે આવેલા હિરામણનગર શેરી નં.૩માં રહેતો અને પરાપીપળીયા ગામે આવેલી સોઢા નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતો યશ નવનીતિભાઈ બગથરીયા (ઉ.૧૯) આજે સવારે કોલેજે ગયો હતો. ત્યારે કોલેજમાં જ અગમ્યકારણોસર ફીનાઈલ પી લેતાં તેને સારવાર માટે સિવિલ હોસિપટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પોલીસે હોસ્પિટલે દોડી જઈ આપઘાતનો પ્રયાસ શા માટે કર્યો ? તે અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# ચોરી કરવાની ટેવ ધરાવતા બે નામચીન પરપ્રાંતિય શખ્સો પાસામાં ધકેલાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યમાં અનેક સ્થળોએ ઘરફોડ ચોરી કરનાર બે નામચીન પરપ્રાંતિય શખ્સોને એ-ડિવિઝન પોલીસે દબોચી લઇ પાસામાં પોરબંદર અને જામનગર જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરની સુચનાથી પીએસઆઇ એસ.એમ.રાણા, એએસઆઇ બી.વી.ગોહિલ સહિતના સ્ટાફે અગાઉ અનેકવાર ઘરફોડ ચોરીના ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચુકેલો સુબ્રહમની બાલરાજ તાંબલ (રહે. ઉદયરાજ પાલીયમ તામીલનાડુ) અને કુમરેસન મારીભાઇ





તાંબલ સહિતના બન્ને શખ્સોને અટકાયતમાં લઇ તેના પાસાના કાગળો તૈયાર કરી ગુન્હાનિવારણ શાખાને મોકલાવવામાં આવતા ઇન્ચાર્જ પીઆઇ એમ.આર.ગોંડલીયા, એએસઆઇ રાજુભાઇ સહિતના સ્ટાફે પાસાના કાગળો તૈયાર કરી અને એના પર શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ મહોર લગાવી દેતા એ-ડિવિઝન પોલીસે આ બન્ને પરપ્રાંતિય નામચીન તસ્કરોને પોરબંદર અને જામનગર જેલમાં પાસામાં ધકેલી દીધા હતા.

# આજી જીઆઈડીસી પાસેથી ચોરીના બે બાઈક સાથે ગઠીયો ઝડપાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજી જીઆઈડીસી પાસેથી થોરાળા વિસ્તારમાંથી ચોરી થયેલા ટુ વ્હીલર સાથે પોલીસે એક ગઠીયાને પકડી લઈ બે ચોરીની ઘટનાનો ભેદ ઉકેલ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ૬૦ હજારની કિંમતનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

થોરાળા પોલીસ મથકના પીઆઈ એન.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ક્વોડના પીએસઆઈ એમ.એસ.મહેશ્વરી અને તેમની ટીમે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિગ દરમિયાન હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ જયદીપસિહ જાડેજા, ઈમરાન ચુડાસમા અને પોલીસ કોન્સ્ટેબલ નીલેશ જાગાણીને મળેલી ચોક્કસ હકીકતના આધારે, નેશનલ હાઈવે પાસે આજી જી.આઈ.ડી.સી. મેઈન રોડ ખાતે શંકાસ્પદ વ્યક્તિને બે મોટરસાયકલ સાથે ઝડપી પાડ્યો હતો.

પૂછપરછ દરમિયાન આ શખસનું નામ અનીલભાઈ ઉર્ફે અનીયો ધીરૂભાઈ નરશીભાઈ રાજાણી (ઉ.વ. ૨૯, રહે. લાતી પ્લોટ, શેરી નં. ૧૦, સ્વસ્તિક સ્કૂલની સામે, કુવાડવા રોડ) હોવાનું ખુલ્યું હતું.તેની પાસે રહેલા બંને ટુ વ્હીલરની તપાસ કરતા ચોરીના હોવાનું જાણવા મળ્યું હતું.પોલીસે બાઈક ચોરી કરનાર ગઠિયાની ધરપકડ કરી બે ગુન્હાનો ભેદ ઉકેલ્યો હતો.

# રાજકોટમાં કુખ્યાત શખ્સની પાર્ક કરેલી કારમાં નશાખોર શખ્સોએ કરી તોડફોડ

નસેડીઓએ પથ્થરના ઘા કરી નુકસાન કર્યાની પોલીસ ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માંડા ડુંગર પાસે આવેલી તિરુમાલા સોસાયટીમાં રહેતા નામચીન બુટલેગર અને માથાભારે ગણાતા શખ્સ પ્રતીકભાઈ દિલીપભાઈ ચંદારાણા(ઉ.વ.૩૩) ની લાપાસરી પાસે પાર્ક કરેલી ગાડીમાં દારૂ પીને આવેલા શખ્સે પથ્થર મારી તોડફોડ કરતા આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રતિકે ફરિયાદમાં જણાવ્યું હતું કે ગઈ તા.૨૬/૦૬ના રોજ પંજાબ માં આવેલ એસ.એસ.મોટર્સ માથી મહીંદ્રા જીપ ગાડી ખરીદેલ છે. ગઈ તા.૦૫/૦૭ના રોજ રાત્રીના પોણા બારેક વાગ્યાની આસપાસ મારી મહીંદ્રા જીપ ગાડીમાં એલોજન લાઈટ અને જી.પી.એસ. સિસ્ટમ નખાવા માટે આ મારી ગાડી મે મારા મિત્ર જયપાલ ભાઈ ડેડાણીયા ને આપેલ હતી અને આ મારો મીત્ર મારી ગાડી તેના ઘરે લઈ ગયેલ હતો અને રાત્રિના દોઢ વાગ્યાની આસપાસ મારા મોબાઈલ ફોન ઉપર આ જયપાલભાઈ ડેડાણીયા નો ફોન આવેલ અને જણાવેલ કે તમારી ફોરવીલ ગાડી હું ગઈ કાલ તા.૦૬/૦૭ના રાત્રીના સાડા દસ વાગ્યાની આસપાસ મારા ઘર આગળ લાપાસરી રોડ પર, વેલનાથ પરા શેરી નં.૨ ના ખુણા સામે, પાર્ક કરીને ગયેલ હતો.

તેવામાં ગઈ કાલ તા.૦૬/૦૭ના રાત્રીના સાડા દસ વાગ્યાની આસપાસ આ ગાડીમાં રવિભાઈ વિક્રમભાઈ કાલીયા રહે.વેલનાથ પરા શેરી નં.૩, લાપાસરી રોડ, રાજકોટ વાળાએ નસાની હાલતમાં આવી આ ગાડીના આગળના કાચપર પત્થર મારી કાચ તોડી નાખેલ છે એમ જણાવતા હું તુરંત જ ત્યાં ગયેલ અને જોયુતો મારી ઉપરોક્ત ગાડી મા આગળનો મેઈન કાચ તુટી ગયેલ હતો અને અંદરની પાછળ ની સીટમાં નુકસાન થયેલ હતુ. જેથી મે ૧૦૦ નંબર માં ફોન કરી પોલીસની ગાડી બેલાવી અને આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી.

# મૂળીના વગડીયાની વાડીમાં બે વર્ષનાં બાળકને શ્વાને ફાડી ખાતા કરૂણ મોત

સારવાર અર્થે રાજકોટ સીવીલ હોસ્પિટલ ખસેડયા બાદ મૃત્યુ

**મુખ્ય સમાચાર, વઢવાણ**

સુરેન્દ્રનગરના મુળી તાબેના વગડીયા ગામે એક ખળભળાટ મચાવતો બનાવ બન્યો છે.જેમાં વાડીમાઉંઘી રહેલા બે વર્ષના બાળકને કૂતરાએ ફાડી ખાતાં ગંભીર હાલતમાં સારવાર માટે રાજકોટ ખસેડાયેલ.

પરંતુ અહિ બાળકનું મોત થતાં મજૂર દંપતિમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. વાડીમાં ઘુસી આવેલા હડકાયા કૂતરાએ દોઢ વર્ષના રમી રહેલા બાળકને હાથમાં બટકુ ભરી લીધુ હતું અને બાદમાં નિંદ્રાધીન બાળક પર હુમલો કરી મોઢા શરીરે બટકા ભરી લીધા હતાં. ચીસાચીસ સાંભળી ખેતરમાં મજૂરી કરી રહેલા માતા-પિતા સહિતના દોડી આવ્યા હતાં. લોકોએ કૂતરાને મારી નાંખ્યું હતું.

જાણવા મળ્યા મુજબ મુળીના વગડીયા ગામે નથુભાઈ સાનીયાની વાડીમાં રહી મજૂરી કરતાં મુળ મધ્યપ્રદેશના જાંબુવાના રૂપોરલ ગામના કમલ કટારા અને કમલા કટારા બપોરે બે વાગ્યે તેના બે વર્ષના દિકરા રાજેશને વાડીમાં નીચે પાથરણું પાથરી સુવડાવીને ખેતરમાં કામ કરી રહ્યા હતાં. આ વખતે અન્ય મજૂરનો દોઢેક વર્ષનો છોકરો પણ ત્યાં રમી રહ્યો હતો. આ વખતે અચાનક એક કૂતરૂ ધસી આવ્યું હતું અને રમી રહેલા બાળકના હાથમાં બટકુ ભરી લેતાં તેણે ચીસાચીસ કરી મુકી હતી.

એ પછી કૂતરુ ઉંઘી રહેલા બાળક રાજેશ પાસે પહોંચી ગયું હતું અને તેને પણ બટકા ભરી લેતાં તે લોહીલુહાણ થઇ ગયુ હતું. રડવાની ચીસો સાંભળી માતા-પિતા અને બીજા મજૂરો દોડી આવ્યા હતા અને કૂતરાને માર મારતાં તે મરી ગયું હતું. લોહીલુહાણ થઇ ગયેલા બંને બાળકોને સારવાર માટે ખસેડાયા હતાં. જેમાં દોઢ વર્ષના બાળકને હાથમાં ઈજા હોઈ પ્રાથમિક સારવાર અપાઈ હતી. જ્યારે રાજેશને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ તેણે દમ તોડી દેતાં મજૂર દંપતિમાં કલ્પાંત સર્જાયો હતો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# આરોપીને ઈમોરલ ટ્રાફીકના ગુનામાં નિર્દોષ છોડતી કોર્ટ



ધારાશાસ્ત્રીઃ દીલીપભાઈ પટેલ



ધારાશાસ્ત્રીઃ કલ્પેશ નસીત

**ફક્ત પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ચાર વર્ષ પહેલા ગાંધીગ્રામ યુની.ર પોલીસને બાતમી મળેલ કે રૈયાધાર તેરમાળીયા આવાસ યોજનામાં આરોપીઓ પોતાના સ્વાર્થ માટે સ્ત્રીઓને બોલાવી અને ગ્રાહકો સાથે શરીર સંબંધ બંધાવી અને કુંટણખાનુ ચલાવતા હોય તેવી હકિકતની જાણ થતા પોલીસે રેડ કરેલ. ફરીયાદી પી.એસ.આઈ. ડાંગરે તેના સ્ટાફ સાથે રેડ કરેલ અને ત્યાં પ્રકાશ ઉર્ફે જોની ઉર્ફે જોન્ટી જેન્તીલાલ જીવરાજાણીને વોરંટ બતાવી અને સહી લઈ રેડ કરેલ અને ત્યાં હાજરમાં સ્ત્રીઓને બહારથી બોલાવી કુંટણખાનુ ચલાવતો હોય. સ્ત્રીઓ તથા અન્ય પુરૂષ મળી આવતા આરોપીની ધરપકડ કરેલ. જે કેસ ચાલી જતા ઈમોરલ ટ્રાફીક પ્રીવેન્સન એકટમાં આરોપીને નામદાર જયુડી. મેજી. જજ એમ.ડી.જાદવ ની અલદાતે નીર્દોષ છોડી મુકવા હુકમ કરેલ હતો.

આ રેડમાં પોલીસે હાજર રહેલ મહિલાઓને પુછતા આરોપી પ્રકાશ ગ્રાહકો સાથે સંબંધ બાંધવાના રૂપીયા એક હજાર લઈ અને પાચસો રૂપીયા પોતે રાખતો હતો. આ ગુનામાં પોલીસે પ્રકાશ ઉર્ફે જોની પાસેથી વીવો મોબાઈલ રોકડ રૂપીયા એકવીસસો પંચનામામાંથી કબજે કરેલ અને ભોગ બનનારને ઓછા પૈસા આપી શરીર બાંધવી કમાણીથી પોતાનુ ગુજરાન ચલાવતો હોય તેની સામે ઈમોરલ ટ્રાફીક પ્રીવેન્સન એકટ ૧૯૫૭ ની કલમ-૩,૪,૫, ૬ મુજબનો ગુનો દાખલ કરી તે ગુનાના આધારે પોલીસ અધિકારી દ્વારા તપાસ કરતા તેનુ ચાર્જશીટ નામદાર કોર્ટમાં રજુ કરેલ હતુ.

આ કામમાં પોલીસે ફરીયાદી પી.એસ.આઈ. ડાંગરે તપાસેલ તેમજ પંચો, પોલીસ સાહેદો, સ્વતંત્ર સાહેદો તેમજ તપાસ કરનાર પોલીસ અધિકારી વિગેરેને સાહેદ તરીકે કોર્ટમાં તપાસેલ અને આ કામમાં ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવેલ કે પોલીસ સિવાયનાસાહેદો બનાવની હકિકતને કોઈ સમર્થન આપતા નથી. અન્ય પોલીસ સાહેદો ફરજના કામરૂપે જણાવતા હોય. અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન મળતુ ન હોય. આરોપીને ગુના સાથે સંકળાતો લેશ માત્ર પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી ત્યારે ફકત પોલીસ સાહેદોના પુરાવાઓના આધારે આરોપીને તકસીરવાન ઠરાવવો ન્યાયી જણાતું નથી.

આ કામમાં ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નીવડેલ હોય આરોપીને ધ ઈમોરલ ટ્રાફીક પ્રીવેન્સન એકટ ૧૯૫૬ ની કલમ-૩,૪,૫, ૬ હેઠળના ગુનામાં નીર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ કરેલ હતો.

આ કેસમાં આરોપી પ્રકાશ ઉર્ફે જોની ઉર્ફે જોન્ટી જેન્તીલાલ જીવરાજાણી તરફે સૌ રાષ્ટ્રના જાણીતા પટેલ લો ફોર્મના ધારાશાસ્ત્રી દીલીપભાઈ પટેલ, કલ્પેશ નસીત, નૈમિષ જોષી, અનિતા રાજવંશી તથા આસીસ્ટન્ટ તરીકે ઈશા કણઝારીયા રોકાયેલ હતા.

# નુરાનીપરામાં અસામાજિક તત્વોની મિલકતો પર બૂલડોઝર ફરી વળ્યું





## આજીડેમ પોલીસે વીજ કનેકશન કટ કરાવી બે શખસોની ગેરકાયદે મિલકતો તોડી પાડી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કોઠારીયા સોલવન્ટ નજીક નુરાનીપરામાં વેપારીઓ સાથે મારામારી કરનાર અસામાજીક તત્વોના ગેરકાયદે બાંધકામ પર આજે આજીડેમ પોલીસે ભૂલડોઝર ફેરવીને મિલ્કત જમીન દોસ્ત કરી નાખી હતી.

રાજકોટ શહેરમાં નુરાનીપરા હુશેની ચોકમાં રહેતા ફિરોજ ઉર્ફે ભાયજાન સલીમભાઈ સોલંકી (ઉ.વ.૩૫) તથા નાસીર સાજીદભાઈ ઠેબા (ઉ.વ.૨૬) બંને વિરૂધ્ધ મારામારી, હુમલો, વેપારીઓ સાથે લુખ્ખાગીરી આચરવાના આરોપસર પોલીસ દફતરે ગુનાઓ નોંધાયા છે. બંને શખસો દ્વારા સરકારી ખરાબામા ઓરડીઓ ઉભી કરીને ગેરકાયદે બાંધકામ કરાયા હતા.

આજીડેમ પોલીસે બંનેની મિલ્કતોનો સર્વે કર્યો હતો. ગેરકાયદે મિલ્કતોમાં રહેલા વીજ કનેકશન પીજીવીસીએલની મદદથી કટ કરાવ્યા હતા. પી.આઈ. એ.બી.જાડેજા, પી.એસ.આઈ. જે.જી.રાણા તથા સ્ટાફે બંદોબસ્ત સાથે આજે બંનેની ગેરકાયદે મિલ્કતો પર બુલડોઝર ફેરવી દીધુ હતું. ડિમોલીશન થતાં વિસ્તારવાસીઓ પોલીસની કાર્યવાહી જોવા ટોળે વળ્યા હતા. પોલીસે ડિમોલીશન સાથે અસામાજીક તત્વોને કાયદે મે રહોંગે તો ફાયદે મેં રહોંગેનો મેસેજ આપ્યો હતો.

# શહેરમાં જીવલેણ બનતો રોગચાળોઃ તાવની બિમારી સબબ એક વર્ષની બાળાનું મોત



**ઝનાના હોસ્પિટલમાં જોડિયા બાળકીને જન્મ આપ્યા બાદ માતાનું મોતઃ ટાઈફોડ, કમળા સાથે ચિકનગુનિયાના કેસ મળ્યાઃ શરદી, ઉધરસ અને તાવના વાયરસ ઈન્ફેક્શનથી દવાખાના ઉભરાયા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સતત વરસાદી મહોલના કારણે પાણી જન્ય અને મચ્છર જન્ય રોગચાળામાં વધારો જોવા મળ્યો છે. મનપાના આરોગ્ય વિભાગ દ્વારા ડોર ટુ ડોર ચકાસણી દરમિયાન આકડાઓ બહાર આવ્યા છે. જેમાં ઝાડા-ઉલ્ટી અને કમળાના ૨૯૫ નવા કેસ નોંધાયા છે. જયારે શરદી ઉધરસ તાવના કેસમાં વધારો થયાનો અને રેલનગરમાં એક વર્ષિય બાળકીનું તાવની બીમારી સબબ જનાના હોસ્પિટલમાં આજે વહેલી સવારે મોત નીપજયાનું જાણવા મળેલ છે. મચ્છર જન્ય અને પાણી જન્ય રોગચાળા દ્વારા ઊભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે રાજકોટ મહાનગર પાલિકા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ તા.૩૦/૬/૨૦૨૫ થી તા.૦૬/૦૭/૨૦૨૫ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૪૪,૮૨૫ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવેલ છે તથા ફિલ્ડવર્કરો દ્વારા ૩૫૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. તથા સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ હતો. રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોર્મશિયલ કોમ્પલેક્સ, ઔધોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળ તેમજ રહેણાંક મકાનની આસપાસના વિસ્તારોમાં મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહિવટી ચાર્જ આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૬૭૯ પ્રીમાઈસીસ (બાંધકામ સાઈટ, સ્કૂઆલ, હોસ્પિટલ, હોટેલ, ઈન્ડસ્ટ્રીઝ, હોસ્ટેલ, કોમ્પ્લેક્ષ, ભંગારના ડેલા, સેલર, હોલ / વાડી / પાર્ટી પ્લોટ, ધાર્મિક સ્થળ, પેટ્રોલ પંપ, સરકારી કચેરી વગેરે) નો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંકમાં ૯૧ અને કોર્મશીયલ ૨૪૪ આસામીને નોટીસ આપવામાં આવેલ છે તથા ૪૪ આસામીઓ પાસેથી મચ્છર ઉત્પતિ સબબ રૂા.૩૩,૦૦૦/- નો વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ હતો.

ઝનાના હોસ્પિટલમાં પ્રસુતાએ જોડીયા બાળકીને જન્મ આપ્યા બાદ તબીયત લથડતા તેનુ મોત નીપજ્યુ હતુ જોડીયા બાળકીના જન્મ સાથે માતાએ દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છવાય જવા પામી છે. જાણવા મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના વતની અને હાલ ગોંડલના ભુણાવા ગામે કારખાનાની ઓરડીમાં રહી કામ કરતા શ્રમિક પરિવારની પ્રસુતા હેમલતાબેન પ્રકાશભાઈ પ્રજાપતિને (ઉ.વ.૩૨)ને પ્રસુતીની પીડા ઉપડતા રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયા તબીબો દ્વારા ગઈકાલે તેની પ્રસુતી કરવામાં આવતા તેણીએ બે જોડીયા બાળકીને જન્મ આપ્યો હતો. જોડીયા બાળકીના જન્મથી પરિવારમાં ખુશીનો માહોલ હતો ત્યાજ પ્રસુતાની તબીયત લથડતા સારવાર દરમિયાન આજે તેનુ મોત નીપજતા ખુશીનો માહોલ ગમમાં ફેરવાય ગયો હતો.

# ગોંડલના ગીતાનગરમાં દારૂ ભરેલી કાર પકડાઈ

## ૨.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જેઃ એક શખ્સ ઝડપાયો



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ નાં ગીતાનગર પાસેથી પોલીસે દારૂ ભરેલી સ્કોડા કાર ઝડપી લીધી હતી. પોલીસે કારમાંથી ૬૦ બોટલ દારૂ સાથે એક શખસને ઝડપી લીધો હતો. દારૂનો જથ્થો અને કાર સહિત કુલ રૂ.૨.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. પ્રાપ્ત વિગતો મુજબ, ગોંડલ બીડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો

દરમિયાન બાતમી મળી હતી કે, ગોંડલમાં ગીતાનગરમાં આવેલા બગીચા પાસે સફેદ કલરની સ્કોડા કાર શંકાસ્પદ હાલતમાં પડી છે. બાતમીના આધારે પોલીસની ટીમે અહીં પહોંચી કારમાં હાજર શખસની પુછતાછ કરતા તેનું નામ જીલ જીતેન્દ્રભાઈ ત્રિવેદી ઉ.વ ૨૬ રહે. નાની બજાર બાજુમાં આર્ય શેરી ગો હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારની તપાસ કરતા તેમાં ડિકીમાં સફેદ રંગના કોથળામાંથી અલગ અલગ બ્રાંડની દારૂની ૬૦ બોટલ મળી આવી હતી.પોલીસે દારૂનો જથ્થો અને કાર સહિત કુલ રૂ.૨.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કરી આરોપી સામે પ્રોહિબિશનની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ શખસ દારૂ કોની પાસેથી લાવ્યો હતો અને દારૂ કોને સપ્લાય કરવાનો હતો તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

# મેરેજ બ્યુરો સંચાલકને છેતરપીંડીના કેસમાં જામનગર પોલીસે નોટીસ પાઠવતા ફિનાઈલ પીધું

## લગ્ન કરાવ્યા બાદ દંપતિ વચ્ચે ઝઘડો થતાં જામનગરના યુવાને ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



શહેરના માધાપર ચોકડીથી બેડી ચોકડી બાયપાસ હાઈવે પર રહેતા અને મેરેજ બ્યુરો ચલાવતાં આધેડને - છેતરપીંડીના ગુનામાં જામનગર પોલીસ દ્વારા હાજર રહેવાની નોટીસ મળતાં - તેણે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. - જામનગરના યુવક સાથે યુવતીના લગ્ન કરાવ્યા બાદ બન્ને વચ્ચે ઝઘડો થતાં - યુવકે મેરેજ સંચાલક વિરૂધ્ધ છેતરપીંડીની ફરિયાદ કરી હતી. જ્યારે મેરેજ બ્યુરો સંચાલકે આરોપી કોરા ચેક લખાવી ગયાનો પણ આક્ષેપ કર્યો હતો. જાણવા મળતી વિગત મુજબ, માધાપર ચોકડીથી બેડી ચોકડી તરફ જતાં બાયપાસ રોડ પર શ્રી - એપાર્ટમેન્ટ બ્લોક નં.૩૦૨માં રહેતાં મુકેશભાઈ ભીખાભાઈ મકવાણા (ઉ.૪૮) નામના આધેડે સવારે પોતાના ઘરે ફિનાઈલ પી લેતાં તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં તેઓ મેરેજ બ્યુરો ચલાવતાં હોય અને જામનગરના જીજ્ઞેશ ખેતીયા સાથે ઓળખાણ થઈ હતી. ત્યાર-બાદ આરોપી ડિવોર્સિ હોય કોઈ સારી યુવતી ધ્યાનમાં હોય તો લગ્ન કરવાનું જણાવતાં તેમણે તેમના કોન્ટેકટમાં આવેલી યુવતી સાથે આરોપીના લગ્ન કરાવ્યા હતાં. લગ્નના પાંચ છ દિવસ બાદ બન્ને વચ્ચે ઝઘડો થતાં આરોપી યુવતીને રાજકોટ મુકી ગયો હતો. બાદમાં તેણે મેરેજ બ્યુરો સંચાલક વિરૂધ્ધ જામનગર સિટી બી-ડીવીઝન પોલીસ મથકમાં છેતરપીંડીની ફરિયાદ કરી હતી. જેથી જામનગર પોલીસ દ્વારા તેમને હાજર રહેવા માટે નોટિસ પાઠવવામાં આવી હતી. જેના કારણે તેમણે આ પગલું ભરી લીધાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત મુકેશભાઈએ આરોપી તેમની પાસેથી કોરા ચેક પણ લખાવી ગયાનો આક્ષેપ કર્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રેમ પ્રકરણનો કરૂણ અંજામઃ પ્રેમમાં દગો મળતા ધ્રોલની યુવતીએ કર્યો આપઘાત

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર જિલ્લાના ધ્રોલમાં રહેતી યુવતીને પ્રેમમાં દગો મળતા યુવતીએ ગળેફાંસો ખાઈ આત્મહત્યાનો રાહ આપનાવ્યો છે. અગાઉ પ્રેમએ લગ્નની હા પાડયા બાદ ઇનકાર કરી દેતાં યુવતીએ અંતિમ પગલું ભરી લીધું છે. પ્રેમી અને તેની સાથે અન્ય બે મહિલાઓના ત્રાસ અને મરી જવા માટે મજબૂર કરવા અંગે ધ્રોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.

જાણવા મળતી વિગત અનુસાર જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના ચામુંડા પ્લોટમાં રહેતી મધુબેન ટાભાભાઈ વાઘેલા નામની ૩૨ વર્ષની યુવતિને પોતાના જ વિસ્તારમાં ચામુંડા પ્લોટમાં રહેતા મિલનભાઈ કંટારીયા સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો, આ દરમિયાન પ્રેમીએ લગ્ન કરી લેવાનો વાયદો કર્યો હતો. ત્યારબાદ લગ્નનો ઈનકાર કરી દેતાં યુવતીને પ્રેમમાં દગો મળ્યો હતો. મિલનભાઈ કંટારિયાના કહેવાથી રેખાબેન રમેશભાઈ ચાવડા અને કંકુબેન દેવજીભાઈ ચાવડાએ મધુબેન પાસે જઈને કહ્યું હતું કે મિલને કહેવડાવ્યું છે કે હવે મારે મધુની સાથે લગ્ન નથી કરવાં. તેને મરી જવું હોય તો પણ છૂટ છે. તેમ કહી મરવા માટે મજબુર કરતાં મધુબેને પોતાના ઘેર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લઈ પોતાની જીવન લીલા સંકેલી લીધી હતી. મિલન ઉપરાંત બે મહિલાઓએ પણ તેમાં મદદગારી કરીને ત્રાસ આપ્યો હતો, જેથી તેણીએ વ્યથિત થઈને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનુ પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવ અંગે ધ્રોલ પોલીસને જાણ થતાં ધ્રોલના પીઆઈ ઈન્સ્પેક્ટર એચ વી રાઠોડ પોતાની ટીમ સાથે બનાવના સ્થળે પહોંચી ગયા હતા, અને મધુબેનના મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં પોલીસે મૃતક યુવતીની માતા લક્ષ્મીબેન ટાભાભાઈ વાઘેલા, કે જેનું નિવેદન નોંધ્યું હતું જેમાં પોતાની પુત્રીને મિલનભાઈ કંટારીયા નામના પ્રેમી અને તેની સાથેની બે મહિલાઓ રેખાબેન રમેશભાઈ ચાવડા તેમજ કંકુબેન દેવજીભાઈ ચાવડા કે જેઓ ના ત્રાસથી કંટાળીને મધુબેને આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું જણાવ્યું હતું. જેના આધારે પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# અપહરણ-દુષ્કર્મ કેસમાં આરોપીની જામીન અરજી ફગાવતી અદાલત

## સગીરાનું કારમાં અપહરણ કરી હવસનો શિકાર બનાવ્યા બાદ પોકસો એકટના ગુનામાં ધરપકડ થઈ હતી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

તાલુકા પોલીસ સ્ટેશનમાં વિસ્તારની ૧૩ વર્ષ ૯ માસ વાળી સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજારવાના ગુનામાં જેલ હવાલે રહેલા બાબા ફરીદ ઉર્ફે ભાઈજાનની ચાર્જસીટ પછીની જામીન અરજી અદાલતએ ફગાવી દીધી છે.

આ કેસની હકીકત મુજબ ગત તા.૨૫-૪-૨૦૨૪ ના રોજ તાલુકા પોલીસ સ્ટેશનમાં રહેતી સગીરાને પ્રેમ જાળમાં ફસાવી બદકામ કરવાના ઈરાદાથી સણોસરા ગામ બાબાફરીદ ઉર્ફે ભાઈજાન હસમતઅલી નાનાણી કારમાં અપહરણ કરી મોરબી રોડ ઉપર આવેલ હોટલમાં સગીરા ઉપર દુષ્કર્મ આચાર્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બાબાફરીદ ઉર્ફે ભાઈજાન નાનાણીની ધરપકડ કરી જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ ગુનાને લગતો પૂરતો પુરાવો મળી આવતા પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. જે કેસ પોકસો અદાલતમાં શરૂ થતા આરોપીએ જેલમાંથી જામીન ઉપર છૂટવા જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલા અને જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરેલ કે આરોપી સામે સમાજ વિરોધી ગુનો છે અને સગીરા ઉપર દુષ્કર્મ આચરેલ છે આ કેસમાં પોક્સો કોર્ટમાં પુરાવો શરૂ થઈ ગયેલ છે અને આ કેસના ફરિયાદી તથા સગીરાએ કોર્ટમાં આરોપી વિરુદ્ધ

જુબાની આપેલ છે અને સગીરાએ તેના ઉપર થયેલ દુષ્કર્મની હકીકત કોર્ટમાં સોગંદ પર જણાવેલ છે અને આરોપીને ઓળખી બતાવેલ છે. આમ ફરિયાદી અને ભોગબનનાર સગીરાની પોક્સો અદાલતમાં સોગંદ ઉપર જુબાની થઈ ગયેલ છે અને આરોપી સામે ગંભીર ગુનો હોય જેથી જામીન આપવા જોઈએ નહીં તે રજૂઆતને ધ્યાને લઈ સેશન્સ જજ ટી.એસ. બ્રહ્મભટ્ટે આરોપી બાબાફરીદ ઉર્ફે ભાઈજાન નાનાણીની ચાર્જશીટ પછીની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# ગેમઝોન અગ્નિકાંડ કેસમાં પૂર્વ ટીપીઓ સહિત ૭ આરોપીની ડીસ્ચાર્જ અરજી રદ

**દરેક આરોપી વિરૂધ્ધ પ્રથમ દર્શનીય ગુનાહિત પુરાવો છે તે સહિતની સરકારી દલીલો માન્ય રાખતી કોર્ટઃ આરોપીઓ સામે કોર્ટમાં ટ્રાયલ શરુ કરાશે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટ સહિત સમગ્ર દેશમાં ચકચાર જગાવનારા ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ કેસમાં પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠીયા સહીત કુલ સાત આરોપીઓ દ્વારા ડિસ્ચાર્જ અરજી સેશન્સ કોર્ટે રદ કરી છે.

આ અંગેની વિગત એવી છે કે, રાજકોટ સહિત ગુજરાતભરમાં ચકચાર જગાવનાર ટી.આર.પી. ગેમઝોન અગ્નિકાંડની ઘટનામાં કુલ ૨૭ લોકોએ જાન ગુમાવ્યાચ હતા. આ કેસમાં સંડોવાયેલ આરોપીઓ પૈકીના સાત આરોપીઓ જેમાં મુખ્યન આરોપી મનસુખ ધનજી સાગઠીયા, ધવલ ભરતભાઈ ઠક્કર, નીતિન મહાવીર પ્રસાદ લીધા, ગૌતમ દેવશંકર જોષી, જયદીપ બાલુભાઈ ચૌધરી, રાજેશ નરસિંહ મકવાણા તથા ભીમાભાઈ જીવાભાઈ ઠેબાએ પોતાને કેસમાંથી ડીસ્ચાર્જ કરી બિન-તહોમત છોડી મુકવાની અરજી કરી હતી.આરોપી તરફે વિદ્વાન વકીલોની દલીલ બાદ પ્રોસિકયુશન તરફે સ્પે શિયલ પી.પી. તુષાર ગોકાણીએ ધારદાર દલીલો અને ચુકાદોઓ રજુ કર્યા હતા. પ્રોસીકયુશન તરફેની દલીલો તેમજ રજૂ કરવામાં આવેલ વિવિધ ચુકાદાઓને ધ્યોને લઈ અદાલત દ્વારા પ્રોસીકયુશન તરફે દરેક આરોપીઓ ના ગુનાહિત કળત્યિના સંદર્ભે તેમની સામે રજૂ થયેલ પુરાવા મુજબ વિવિધ કલમો હેઠળ પ્રથમ દર્શનીય રીતે પુરાવો હોવાનું માની આરોપીઓને સંપૂર્ણ બિનતોહમત છોડી મૂકવાની અરજી ફગાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે આ કેસમાં કુલ ૧૫ આરોપીઓ સામે ચાર્જશીટ રજૂ થયા બાદ ૪ આરોપીઓ જામીન મુક્ત છે જયારે ૧૧ આરોપીઓ જેલમાં બંધ છે. આરોપીઓ દ્વારા કેસને ડીલે કરવા માટે ડીસચાર્જ અરજી કરવામાં આવતા હજુ સુધી આ કેસમાં ટ્રાયલ શરૂ થઇ શકી ન હતી ત્યારે આજે કોર્ટે આરોપીઓની ડિસ્ચાર્જ અરજી ફગાવી દેવાતા ૧૩ માસ બાદ આ કેસમાં હવે આગામી સમયમાં ટ્રાયલ શરૂ કરવામાં આવશે.

# ગીરગઢડા ફાર્મમાં ૩૯ લાખના દારૂ, બીયર સાથે છ ઝડપાયા

**સ્થાનિક પોલીસ અંધારામાં, એસ.એમ.સી.નો દરોડો, પાંચ વાહનો સાથે ઉમેજ ગામના બુટલેગર સહિતના ઝડપાયા,પાંચ શખસો ફરાર, રાજુલાના અવાણીયામાં પણ દરોડો**





**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગીરસોમનાથ જીલ્લાના ગીરગઢડા બેડીયા ગામે ભગુ ઉકાભાઈ જાદવના ફાર્મ હાઉસ પર એસએમસીએ દરોડો પાડી ૩૯,૦૪,૧૫૦ની કિંમતના વિદેશી દારૂ, બીયરના જથ્થા સાથે વાડી ધારક બુટલેગર ભગુ તેમજ અન્ય પાંચ શખસોને પાંચ વાહનો સાથે ઝડપી પાડયા હતાં. જ્યારે ફરાર અન્ય પાંચ સામે ગુનો નોંધાવ્યો હતો. એસએમસીને મળેલી માહિતીને આધારે પી.આઈ. આર.કે.કરમટા તથા ત્રીજો દરોડો પાડયો હતો. ફાર્મ હાઉસ પરથી ૧૨,૦૯૫ બોટલ દારૂ તથા બીયરના ટીન મળી આવ્યા હતાં. તેમજ પાંચ વાહન પણ હાથ લાગ્યા હતાં. દારૂ-બીયરનો જથ્થો મળતા ઉમેજ ગામના ભગુ ઉકાભાઈ જાદવ, બળવંત ભાવેશભાઈ જાદવ, કૌશીક કેશુભાઈ ગોહિલ રહે પાડાગામ, વડાળીના તખુ ગોબરભાઈ ગોહિલ તથા તેના ભાઈ અજયની ધરપકડ કરી હતી. નટુગીરી મોજગીરી મેઘનાથીને

પણ ઝડપી લીધો હતો. જ્યારે વોન્ટેડ પાંચ શખસો ઉનાના શંકડા ગામના બુટલેગરના ભાગીદાર યોગેશ કરણાભાઈ રાઠોડ, અન્યો ઈદ્રીશ ઉમરભાઈ, જયેશ રમેશભાઈ જાદવ, સિધ્ધરાજ ગોહેલ તથા પ્રતાપ ગોહેલ સામે ગીરગઢડા પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો. એસએમસીની રેઈડના પગલે સ્થાનિક પોલીસમાં દોડધામ થઈ પડી હતી. એસ.એમ.સી.એ બીજો દરોડો પીપાવાવ મરીન પોલીસ મથક હેઠળના રાજુલના ચાંચબંદર અવાણીયામાં પાડ્યો હતો. પી.એસ.આઇ. વી.એન.જાડેજા તથા સ્ટાફે ૪૮૮ બોટલ વિદેશી દારૂ, ૧૮૦ લીટર દેશી દારૂ તથા ૪૦૦૦ લીટર આથા સાથે ગોબર વીજાભાઈ શિવાળ તથા પનુબેન મનસુખભાઈ ગુજરીયાને પકડી પાડી બંને વિરૂધ્ધ તેમજ દારૂનો જથ્થો આપનાથ શખસ સામે ગુનો નોંધાવ્યો હતો.